*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૧, ૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી જાવેદ એ. પરમાર– એડવોકેટ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– અરજદાર શ્રી જાવેદ એ. પરમાર–એડવોકેટની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૧૮૬(સેન્ટ્રલઝોન) તા.૨૩–૦૪–૨૦૧૫ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૪, તા.૦૫/૦૫/૨૦૧૫ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૨૦/૦૬/૨૦૧૫ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદારે તેઓની અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના જવાબ સામે અપીલ કરવા અંગેનું કોઈ સચોટ કારણ દર્શાવેલ નથી. પરંતુ ફકત અપીલની આખરમાં જાહેર માહિતી અધિકારીએ અરજીમાં માંગેલ માહિતી, નકલો સમયમર્યાદામાં પુરી પાડેલ ન હોવાનું જણાવી અરજીમાં માંગેલી પુરીપુરી અને તમામ માહિતી અને સહી સિકકા વાળી નકલો વિના મુલ્યે માંગણી કરતી કોમન દાદ માંગી હાલની અપીલ કરેલ છે. જે અપીલ અત્રે તા.૨૨/૦૬/૧૫ ના રોજ મળેલ છે. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૧/૨૦૧૫–૧૬ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા....../૦૭/૨૦૧૫ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–*

અરજદાર શ્રી જાવેદ એ. પરમારની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૧૮૬(સેન્ટ્રલઝોન) તા.૨૩–૦૪–૨૦૧૫ થી માંગવામાં આવેલ માહિતીમાં જણાવેલ આંશિક વિષયવસ્તુ અત્રેના જાહેર સત્તામંડળના કાર્યો સાથે નિકટતાથી સંકળાયેલી હોવાનું જણાવી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ના પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૩૩૮, તા.૨૪/૦૪/૨૦૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદાર ધ્વારા તેઓની ઉપરોકત અરજીથી તેઓએ અગાઉ તા.૦૫/૦૨/૨૦૧૫ રોજ કરેલ અરજી આઈ.ડી. નં.૨૫૧૮ ની અરજીનો જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ ખાતું, સેન્ટ્રલઝોન તરફથી કોઈ માહિતી કે જવાબ ન મળતા, પ્રથમ અપીલ સત્તાધિકારી અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, એપેલેટ ઓથોરીટી સુરત સમક્ષ તા.૧૧–૩–૨૦૧૫ નારોજ કરેલ ફર્સ્ટ અપીલ નં.૨૭૮ નો પણ સમયમર્યાદામાં કોઈ જવાબ ન મળતા, તે અપીલનો જવાબ આપવાની તથા માહિતી પુરી પાડવા સંબંધે નિર્ણય લેવાની સત્તા જે અધિકારીને છે તેના અનુસંધાને વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ. જે અન્વયે નમુના–ક ની અરજીના મુદ્દા નં.૨ થી તેવા અપીલ અધિકારી સામે જવાબ ન આપવા બદલ કોઈ ખાતાકીય પગલા લેવામાં આવેલ છે કે કેમ? તે બાબતે માહિતીની માંગણી કરેલ. તેમજ મુદ્દા નં.૫ થી તેમની નોકરી કાર્યકાળ દરમ્યાન તેમની સામે લેવાયેલ ખાતાકીય પગલા, ચાર્જશીટ, મેમો કે કારણદર્શક નોટીસ, જે કોઈ જવાબ, બચાવ અને રજુઆત કરેલ હોય તેની નકલ તથા લેવામાં આવેલ ખાતાકીય પગલાની માહિતીની માંગણી કરેલ. અરજદારે તેમની મજકુર અરજીમાં તેમની અપીલનો નિકાલ કરવાની જવાબદારી જે અધિકારીની હોય તે અંગે માહિતીની માંગણી કરેલ છે. પરંતુ નામ તેઓને ખબર ન હોય અરજીમાં જણાવેલ નહી. પરંતુ સદર અરજી બાબતે સેન્ટ્રલઝોન તરફથી અરજદારને મુદ્દા નં.૧ બાબતે આપવામાં આવેલ જવાબ પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ./આઉટ/૩૮૧, તા.૨૮/૦૪/૨૦૧૫ ની નકલ અત્રેના ખાતાને મળેલ. જેમાં અપીલ અધિકારી તરીકે શ્રી ડી.આર.ગોહીલ, કાર્યપાલક ઈજનેરનું નામ જણાવેલ છે. જે અન્વયે અત્રેના ઈન્કવાયરી વિભાગનો રેકર્ડ તપાસતા શ્રી ડી. આર. ગોહીલ વિરૂધ્ધ મુદ્દા નં.૨ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે અપીલ અધિકારી સામે જવાબ ન આપવા બદલ કોઈ તપાસની કાર્યવાહી થયેલ હોવાનું જણાતું ન હોવા બાબતનો જવાબ તેમજ અરજીના મુદ્દા નં.૫ અન્વયે શ્રી ડી. આર. ગોહીલની નોકરી દરમ્યાન અત્રેના ખાતામાંથી કરવામાં આવેલ કાર્યવાહીની માહિતીના પાના નંગ–૦૮(આઠ)ના રૂા.૧૬/– સોળ પુરા મહાનગરપાલિકામાં જમા કરાવવા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૪, તા.૦૫–૦૫–૨૦૧૫ થી જણાવવામાં આવેલ. જે પત્ર અરજદારને મળેલ હોવા છતાં મુદ્દા નં.૫ ના નકલ ફીના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી અને હાલની અપીલ કરેલ છે. અરજદારની અપીલની વિગતો જોતા અરજદારે અપીલમાં અમો જાહેર માહિતી અધિકારીએ તેઓને પાઠવેલ પત્રનો ઉલ્લેખ કરીને ફકત મુદ્દા નં.૨ બાબતે આપેલ જવાબની વિગતો દર્શાવેલ છે. જયારે મુદ્દા નં.૫ બાબતે અરજદારને રૂા.૧૬/– ભરવા જણાવેલ તેનો કોઈ ઉલ્લેખ અરજદારે તેમની અપીલમાં જાણી જોઈને કરેલ નથી. વળી, અરજદારને અત્રેના જવાબ વિરૂધ્ધ અપીલ કરવાનું કારણ પેદા થયુ હોય તેવુ કોઈ સચોટ કારણ અપીલમાં જણાવેલ નથી કે અત્રેના જવાબ સામે કોઈ દાદ માંગેલ નથી. અરજદારે તેમની અપીલમાં અપીલ કરવાનું જે કારણ દર્શાવેલ છે તે અને જે દાદ માંગી છે તે સંપુર્ણપણે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) એ તેઓને પત્ર નં.જીએડી/ઈએસટી/૯૭૬, તા.૨૧–૫–૧૫ થી આપેલ જવાબ વિરૂધ્ધની હોવાનું જણાય છે.

આમ, અરજદારે હાલની અપીલમાં અત્રેના જવાબ વિરૂધ્ધ કોઈ સ્પષ્ટ દાદ માંગેલ નથી અને ફકત આખરમાં મુળ અરજીમાં માંગેલી પુરીપુરી અને તમામ માહિતી અને સહી સિકકા વાળી નકલો વિના મુલ્યે માંગણી કરતી કોમન દાદ માંગેલ છે. પરંતુ ઉપર જણાવ્યા મુજબ અરજદારને અત્રેથી પાઠવવામાં આવેલ પત્ર સમયસર મળી ગયેલ હોવા છતાં નકલ ફી ના

...૨...

નાણાં ભરપાઈ કરેલ નથી. જેથી અરજદાર અત્રેથી મેળવવાજોગ માહિતી વિના મુલ્યે મેળવવા હકકદાર નથી. પરંતુ નકલ ફી ના નાણાં ભરપાઈ કરી તેની રસીદની નકલ આપી નાણાં ભરપાઈ કર્યાની ખાતરી કરી મુદ્દા નં.૫ અગેની માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.યોગ્ય હોય અરજદારને અત્રેથી આપવામાં આવેલ જવાબ સામે અપીલના જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી.

## *સુનાવણીની વિગતોઃ–*

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણો, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

અરજદાર શ્રી જાવેદ એ. પરમારે તેઓની અરજી આઈ.ડી. નં.૧૮૬(સેન્ટ્રલઝોન) તા.૨૩–૦૪–૨૦૧૫ થી તેઓએ અગાઉ તા.૦૫/૦૨/૨૦૧૫ રોજ કરેલ અરજી આઈ.ડી. નં.૨૫૧૮ ની અરજીનો જાહેર માહિતી અધિકારીશ્રી, શહેર વિકાસ ખાતું, સેન્ટ્રલઝોન તરફથી કોઈ માહિતી કે જવાબ ન મળતા, પ્રથમ અપીલ સત્તાધિકારી અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, એપેલેટ ઓથોરીટી સુરત સમક્ષ તા.૧૧–૩–૨૦૧૫ નારોજ કરેલ ફર્સ્ટ અપીલ નં.૨૭૮ નો પણ સમયમર્યાદામાં કોઈ જવાબ ન મળતા, તે અપીલનો જવાબ આપવાની તથા માહિતી પુરી પાડવા સંબંધે નિર્ણય લેવાની સત્તા જે અધિકારીને છે તેના અનુસંધાને વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ. જે અન્વયે ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં.૨ થી તેવા અપીલ અધિકારી સામે જવાબ ન આપવા બદલ કોઈ ખાતાકીય પગલા લેવામાં આવેલ છે કે કેમ? તે બાબતે માહિતીની માંગણી કરેલ. તેમજ મુદ્દા નં.૫ થી તેમની નોકરી કાર્યકાળ દરમ્યાન તેમની સામે લેવાયેલ ખાતાકીય પગલા, ચાર્જશીટ, મેમો કે કારણદર્શક નોટીસ, જે કોઈ જવાબ, બચાવ અને રજુઆત કરેલ હોય તેની નકલ તથા લેવામાં આવેલ ખાતાકીય પગલાની માહિતીની માંગણી કરેલ. અરજદારે તેમની મજકુર અરજીમાં તેમની અપીલનો નિકાલ કરવાની જવાબદારી જે અધિકારીની હોય તે અંગે માહિતીની માંગણી કરેલ છે. સદર અરજી બાબતે સેન્ટ્રલઝોન તરફથી અરજદારને આપવામાં આવેલ જવાબમાં અપીલ અધિકારી તરીકે શ્રી ડી.આર.ગોહીલ, કાર્યપાલક ઈજનેરનું નામ જણાવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા ઈન્કવાયરી વિભાગનો રેકર્ડ મુજબ શ્રી ડી. આર. ગોહીલ વિરૂધ્ધ મુદ્દા નં.૨ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે અપીલ અધિકારી સામે જવાબ ન આપવા બદલ કોઈ તપાસની કાર્યવાહી થયેલ હોવાનું જણાતું ન હોવા બાબતનો જવાબ તેમજ અરજીના મુદ્દા નં.૫ અન્વયે શ્રી ડી. આર. ગોહીલની નોકરી દરમ્યાન અત્રેના ખાતામાંથી કરવામાં આવેલ કાર્યવાહીની માહિતીના પાના નંગ–૦૮(આઠ)ના રૂા.૧૬/– સોળ પુરા મહાનગરપાલિકામાં જમા કરાવવા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૪, તા.૦૫–૦૫–૨૦૧૫ થી જણાવેલ. જે પત્રની નકલ અરજદારે હાલની અપીલ સાથે બિડેલ છે.

અરજદારની અરજીના મુદ્દા નં.૨ અન્વયે રેકર્ડ જોતા અપીલ અધિકારી સામે અરજદારની અરજીનો જવાબ ન આપવા બદલ કોઈ તપાસની કાર્યવાહી થયેલ હોવાનું જણાતું નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીનો જવાબ સાચો અને યોગ્ય છે. વળી, સદર જવાબ તેમજ નાણાં ભરપાઈ કરવા અંગે જણાવતો પત્ર અરજદારને સમયસર મળી ગયેલ હોવા છતાં અરજદારે મુદ્દા નં.૫ અંગે નકલ ફી ના નાણાં ભરપાઈ કર્યા હોવાનું જણાતું નથી. જેથી અરજદાર મુદ્દા નં.૫ ની માહિતીના નકલ ફીના નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. આમ, રેકર્ડ જોતા અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના જવાબ સામે અપીલ કરવાનું કારણ પેદા થયુ હોય તેવુ કોઈ સચોટ કારણ અરજદારે અપીલમાં જણાવેલ નથી કે કોઈ દાદ અપીલમાં માંગેલ નથી. જે ધ્યાને લઈ અપીલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## *–: હુકમ :–*

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં કરેલ સ્પષ્ટતા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) એ અરજદારને આપેલ જવાબ વિરૂધ્ધ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૨૯૭
તા.૧૪/૦૭/૨૦૧૫

**પ્રતિ,**

(૧) શ્રી જાવેદ એ. પરમાર– એડવોકેટ
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ તથા અમલ માટે.

એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૯ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૨, ૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ફરીયાદની હકીકત :–

વિષયઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૬૭૦ તા.૨૦–૦૬–૨૦૧૫ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૪૬, તા.૩૦/૦૬/૨૦૧૫ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૧૫/૦૭/૨૦૧૫ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## અપીલના મુદ્દા :–

અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી)એ સંપુર્ણ માહિતી જાણી જોઈને ઈરાદાપુર્વક છુપાવી હોય તેમ કારણ જણાવી હાલની અપીલ કરેલ છે. જે અપીલ અત્રે **તા.૧૭/૦૭/૧૫** ના રોજ મળેલ છે. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૨/૨૦૧૫–૧૬ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૨૯/૦૭/૨૦૧૫ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૦/૦૬/૨૦૧૫ ના રોજની અરજી આઈ.ડી. નં.૬૭૦ થી માંગવામાં આવેલ માહિતી અત્રેના ખાતાને લગતી હોવાનું જણાવી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૧૧૭૯, તા.૨૩/૦૬/૨૦૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદારે તેમની સદર અરજીથી તેઓએ વોર્ડ નં.૧૨, અડાજણ(પુર્વ) વિનોદ શિલ્પની બરાબર બાજુમાં, ધનકુંવર પેલેસની સામે સ્થિત હાઈરાઈઝ ઈમારતનું બાંધકામ ચાલી રહેલ છે તે બાંધકામની કાયદેસરના મંજુરી સહિતની ચકાસણી કરી નિયમોનુસાર કાર્યવાહી કરી, તેઓને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવા બાબતે તેઓએ કરેલ જુદી જુદી તારીખોની અરજીઓ જે સુ.મ.ન.પાલિકાને સીધી કરેલ તેમજ તબદીલ થઈ જે તે વિભાગ ખાતાઓમાં મળેલ હોય તે તમામ કચેરીઓમાં રજુઆતોના ઈન્વર્ડ નંબર તારીખ અને તે સંદર્ભે થયેલ કાર્યવાહી, પત્રવ્યવહાર અને સુ.મ.ન.પાલિકાની જે તે કચેરીઓમાં રજુઆત મળેલ હોય તેવી તમામ કચેરીમાં થયેલ નોટીંગ સેકશન રીપોર્ટીંગની પ્રમાણિત નકલ વિગેરેની માહિતીની માંગણી કરેલ. જેથી અરજદારની અરજી અન્વયે અત્રેના ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ જોતા, અરજદારે અડાજણ(પુર્વ) વિનોદ શિલ્પની બરાબર બાજુમાં, ધનકુંવર પેલેસની સામે સ્થિત હાઈરાઈઝ ઈમારતનું બાંધકામ બાબતે તેઓએ પ્રસ્તુત નમુના–ક ની અરજી જણાવ્યા મુજબની સુરત મમહાનગરપાલિકામાં તા.૧૨/૧૨/૧૪, તા.૨૨/૧૨/૨૦૧૪, તા.૦૮/૦૧/૨૦૧૫, તા.૧૭/૦૬/૨૦૧૫ ના રોજ કરેલ અરજીઓ તેમજ ગુજરાત સરકારશ્રીના અરજીમાં જણાવ્યા મુજબના જુદા જુદા વિભાગોમાં કરેલ અરજીઓ પૈકીની સદર વિષય હેઠળની કોઈપણ અરજી કે તેની નકલ અત્રેના ખાતાને સીધી કે અન્ય કોઈ ખાતા/વિભાગમાંથી તબદીલ થઈ મળેલ ન હોય કે સદર વિષયવાળી અરજી અત્રેના રેકર્ડ પર જ ન હોય, અરજદારે તેમની અરજીમાં સદર વિષય હેઠળની અરજીના અનુસંધાને અન્ય મુદ્દાઓથી માંગેલ માહિતીનો અરજદારને જવાબ આપવાનો રહેતો ન હોય, અરજદારને તે મુજબ નીચે સહી કરનાર મારફત પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૪૬, તા.૩૦/૦૬/૨૦૧૫ થી માહિતી "નીલ" હોવા બાબતનો જવાબ પાઠવવામાં આવેલ.

ઉપર જણાવ્યા પ્રમાણે અરજદારે તેઓની નમુના–ક ની અરજીમાં જે વિષય હેઠળ તેઓએ કરેલ અરજીઓની વિગત જણાવી તેના અનુસંધાને માહિતીની માંગણી કરેલ તે વિષય હેઠળની કોઈ અરજી અત્રેના ખાતાને સીધી કે તબદીલ થઈને પણ મળેલ ન હોય, અરજદારને અત્રેથી આપવામાં આવેલ જવાબ સાચો અને રેકર્ડ આધારિત હોય અરજદારને હાલની અપીલ અત્રેના જવાબ વિરૂધ્ધ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. તેમ છતાં અરજદારે તેઓની નુમના–ક ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી જાણે અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય અને અમોએ તેવી માહિતી અરજદારથી જાણીજોઈને છુપાવી માહિતી આપેલ ન હોય તેવુ મનઘડંત કારણ ઉપજાવી કાઢી હાલની પ્રથમ અપીલ કરેલ છે. અરજદાર અપીલમાં જણાવે છે તેવી માહિતી અત્રેના રેકર્ડ પર હોવા અંગેના કોઈ પુરાવા અરજદારે અપીલ સાથે રજૂ કરેલા નથી. જેથી જો અરજદાર પાસે તેવા કોઈ પુરાવા હોય તો તે પ્રથમ રજૂ કરવા અરજદારને જણાવવા જોગ છે. સબબ, ઉપરોકત હકીકત ધ્યાને લઈ અરજદારની અપીલ અંગે આગળની કાર્યવાહી કરવા વિનંતી.

## સુનાવણીની વિગતોઃ–

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણો, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટે તેઓની નમુના–ક ની તા.૨૦/૦૬/૨૦૧૫ ના રોજની અરજી આઈ.ડી. નં.૬૭૦ થી તેઓએ અડાજણ(પુર્વ) વિનોદ શિલ્પની બરાબર બાજુમાં, ધનકુંવર પેલેસની સામે સ્થિત હાઈરાઈઝ ઈમારતનું બાંધકામ ચાલી રહેલ છે તે બાંધકામની કાયદેસરના મંજુરી સહિતની ચકાસણી કરી નિયમોનુસાર કાર્યવાહી કરી, તેઓને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવા બાબતે તેઓએ નમુના–ક ની સદર અરજીમાં દર્શાવ્યા મુજબની તેઓના જણાવ્યા મુજબની જુદી જુદી તારીખોની અરજીઓ જે સુ.મ.ન.પાલિકાને સીધી કરેલ તેમજ તબદીલ થઈ જે તે વિભાગ ખાતાઓમાં મળેલ હોય તે તમામ કચેરીઓમાં રજુઆતોના ઈન્વર્ડ નંબર તારીખ અને તે સંદર્ભે થયેલ કાર્યવાહી, પત્રવ્યવહાર અને સુ.મ.ન.પાલિકાની જે તે કચેરીઓમાં રજુઆત મળેલ હોય તેવી તમામ કચેરીમાં થયેલ નોટીંગ સેકશન રીપોર્ટીંગની પ્રમાણિત નકલ વિગેરેની માહિતીની માંગણી કરેલ. જે અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ તેમના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૪૬, તા.૩૦/૦૬/૨૦૧૫ થી અરજદારને ઈન્કવાયરી ખાતાની માહિતી નીલ હોવા બાબતનો જવાબ પાઠવેલ. જે જવાબ સામે અરજદારે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી)એ સંપુર્ણ માહિતી જાણી જોઈને ઈરાદાપુર્વક છુપાવી હોય તેમ કારણ જણાવી હાલની પ્રથમ અપીલ કરેલ.

અરજદારે કરેલ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈન્કવાયરી વિભાગે રજૂ કરેલ પૂર્તતા અહેવાલની વિગતો જોતા અરજદારે જે મિલકતની વિગત દર્શાવી તે અંગે તેઓએ કરેલ જુદી જુદી તારીખોની અરજીઓના અનુસંધાને નમુના–ક ની અરજીથી માહિતીની માંગણી કરેલ, અરજદારે નમુના–ક ની અરજીમાં જણાવ્યા મુજબની અડાજણ(પુર્વ) વિનોદ શિલ્પની બરાબર બાજુમાં, ધનકુંવર પેલેસની સામે સ્થિત હાઈરાઈઝ ઈમારતનું બાંધકામ બાબતેની સુરત મહાનગરપાલિકામાં કરેલ કે ગુજરાત સરકારશ્રીમાં જુદા જુદા વિભાગોમાં કરેલ અરજીઓ પૈકીની કોઈપણ અરજી કે તેની નકલ ઈન્કવાયરી ખાતાને સીધી કે અન્ય કોઈ ખાતા/વિભાગમાંથી તબદીલ થઈ મળેલ ન હોવાથી અરજદારે તેમની નમુના–ક ની અરજીમાં સદર વિષય હેઠળની અરજીના અનુસંધાને માંગેલ માહિતી "નીલ" હોવા બાબતનો જવાબ પાઠવવામાં આવેલ.

જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પૂર્તતા અહેવાલની વિગતે ઈન્કવાયરી ખાતાનો રેકર્ડ ચકાસતા અરજદારે તેમની નમુના–ક ની અરજીમાં જણાવ્યા મુજબની વિગતેની મિલકતના બાંધકામ અન્વયે તેઓએ જે અરજીઓ સુરત મનપામાં કે સરકારશ્રીના જુદા જુદા ખાતામાં કરેલ હોવાનું જણાવેલ છે તે વિષય હેઠળની કોઈપણ અરજીઓ ઈન્કવાયરી ખાતાને સીધી રીતે કે અન્ય કોઈ ખાતામાંથી તબદીલ થઈને પણ મળેલ હોવાનું જણાતું નથી. સબબ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને જે જવાબ પાઠવેલ છે તે જવાબ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય છે. સબબ, અરજદારે હાલની અપીલમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ જાણીજોઈને માહિતી છુપાવી આપેલ ન હોય તેવું અરજદારનું કારણ પુરવાર થતુ નથી. વળી, અરજદારે અપીલ સાથે અરજદારે માંગેલ માહિતી ઈન્કવાયરી ખાતાના રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય અને તેમ છતા જાહેર માહિતી અધિકારીએ અરજદારથી જાણીજોઈને માહિતી છુપાવેલ હોય તે અંગેના કોઈ પુરાવા અપીલ સાથે રજૂ કરેલા નથી. અરજદારે જે કારણો દર્શાવીને કે જે કોઈ આધાર ઉપર અપીલ કરેલ હોય તો તે અંગેના આધાર–પુરાવા અરજદારે અપીલ સાથે રજૂ કરવા જોઈએ. પરંતુ અરજદારે તેવા કોઈ પુરાવા અપીલ સાથે રજૂ કરેલા ન હોય, અરજદારે ફકત કરવા ખાતર હાલની અપીલ કરેલ હોવાનું જણાય છે. આમ, રેકર્ડ જોતા અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના જવાબ સામે અપીલ કરવાનું કોઈ કારણ પેદા થયેલ હોવાનું પુરવાર થતું નથી. જે ધ્યાને લઈ અપીલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

### *–: હુકમ :–*

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં કરેલ સ્પષ્ટતા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) એ અરજદારને આપેલ જવાબ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય હોય, તે જવાબ વિરૂધ્ધ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૩૫૫
તા.૩૧/૦૭/૨૦૧૫

**પ્રતિ,**

(૧) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોન: ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૩, ૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી સુરેશ એમ. પટેલ**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

વિષયઃ– શ્રી સુરેશ એમ. પટેલની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં.૬૨૭(સેન્ટ્રલઝોન) તા.૧૭/૦૬/૧૫ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે જા.મા.અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૪૩, તા.૩૦/૦૬/૨૦૧૫ થી આપવામાં આવેલ પ્રતિભાવ વિરૂધ્ધ તા.૧૭/૬/૨૦૧૫ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

***અપીલના મુદા :–***

અરજદાર શ્રી સુરેશ એમ. પટેલે તેઓની અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના જવાબ સામે અપીલ કરવા અંગેનું સ્પષ્ટ કારણ દર્શાવેલ નથી. પરંતુ ફકત અપીલની આખરમાં તેઓએ મુદ્દા નં.૧ થી ૫ માં જે માહિતી માંગી છે તે અપાવવા દાદ માંગી છે. જે અપીલ અત્રે તા.૨૨/૦૭/૧૫ ના રોજ મળેલ છે. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૩/૨૦૧૫–૧૬ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૦૧/૦૮/૨૦૧૫ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

***<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ</u>–***

અરજદાર શ્રી સુરેશ એમ. પટેલની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ અન્વયે માહિતી માંગતી અરજી આઈ.ડી. નં.૬૨૭(સેન્ટ્રલઝોન) તા.૧૭/૦૬/૧૫ થી માંગવામાં આવેલ માહિતી અત્રેના અધિકારક્ષેત્રમાં આવતી હોવાનું જણાવી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૧૧૨૭, તા.૧૮/૦૬/૨૦૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. સદર અરજીમાં અરજદારે સેન્ટ્રલઝોન વિસ્તારની હદમાં આવેલ કેટલીક મિલકતોમાં થતા ગેરકાયદેસર બાંધકામ અંગે વોટ્સએપ લાઈન ઉપર ફોટા સહિત કરેલ ફરીયાદના અનુસંધાને અરજીમાં ફરીયાદનો નંબર, ઘર નંબર તેમજ સરનામા દર્શાવી તે મિલકતમાં થતા ગેરકાયદેસર બાંધકામ બાબતે વિવિધ માહિતીની માંગણી કરેલ. જે પૈકી અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં.૫ થી **"મુદ્દા નં.૧ માં જણાવેલી મિલકતોમાં ગેરકાયદેસર બાંધકામ બાબતમાં કાર્યપાલક ઈજનેર યા ડેપ્યુટી ઈજનેર, જુનીયર ઈજનેર પર શું શિક્ષાત્મક કાર્યવાહી કરી તેની માહિતી"** ની માંગણી કરેલ.

અરજદારે તેઓની અરજીમાં દર્શાવેલ મિલકતો પૈકી વોટસએપ ફરીયાદ નં.૫૫૫–૪૨૦૧ ૫૪૫૨૮ સામે દર્શાવેલ મિલકત નંબર : ૭/૩૦૭૩ માં થતા ગેરકાયદેસર બાંધકામ બાબતે તેમજ તે સહિત અન્ય મિલકતોમાં થતા ગેરકાયદેસર બાંધકામ બાબતે સંબંધિત ડે.ઈજનેર તેમજ જુનીયર ઈજનેરને ચાર્જશીટ આપવામાં આવેલ અને તે અંગેની ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવેલ. જે તપાસની કાર્યવાહી ચાલુ હોય, અરજીનો જવાબ આપવા સમયે સદર ખાતાકીય તપાસ અંગે નિર્ણય અંગેની બાબત પુર્ણ થયેલ ન હોય, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ટ) ની જોગવાઈ મુજબનો અરજદારને જવાબ પાઠવવામાં આવેલ હતો. સદર ઈજનેરો સામેની ખાતાકીય તપાસની કાર્યવાહી હાલ પણ ચાલુ છે.

સબબ, અરજદારને અત્રેથી આપવામાં આવેલ જવાબ માહિતીના અધિનિયમની જોગવાઈ અનુસાર આપવામાં આવેલ હોય, તે જવાબ સામે અરજદારને હાલની અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. વળી, અરજદારે હાલની અપીલ નિયત નમુનામાં ફકત અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ છે. સદર નિયત નમુનાની ભરવાજોગ પુરતી માહિતી પણ તેઓને ભરેલ નથી કે કયા જાહેર માહિતી અધિકારીના, કયા જાવક નંબરના જવાબ સામે તેઓને નારાજગી છે તે પણ નમુનામાં જણાવેલ નથી કે તેઓએ સદર નમુના સાથે અલગથી સામેલ કરેલ પત્રમાં પણ અત્રેના જવાબ સામે વાંધો હોય તેવો પણ કોઈ ઉલ્લેખ કરેલ નથી.

***<u>સુનાવણીની વિગતોઃ</u>–***

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલ, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો તેમજ રેકર્ડ જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

***<u>અપીલ અધિકારીનું તારણઃ</u>–***

અરજદારે હાલની અપીલ તેઓની અરજી આઈ.ડી. નં.૬૨૭(સેન્ટ્રલઝોન) તા.૧૭/૦૬/૧૫ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ હોવાના કારણ દર્શાવી હાલની અપીલ કરેલ છે.

અરજદારની અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પુર્તતા મુજબ અરજદારે તેઓની અરજીમાં દર્શાવેલ મિલકતો પૈકી વોટસએપ ફરીયાદ નં.૫૫૫–૪૨૦૧ ૫૪૫૨૮ સામે દર્શાવેલ મિલકત નંબર : ૭/૩૦૭૩ માં થતા ગેરકાયદેસર બાંધકામ બાબતે તેમજ તે સહિત અન્ય મિલકતોમાં થતા ગેરકાયદેસર બાંધકામ બાબતે સંબંધિત ડે.ઈજનેર તેમજ જુનીયર ઈજનેરને ચાર્જશીટ આપવામાં આવેલ અને તે અંગેની ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવેલ. જે તપાસની કાર્યવાહી ચાલુ હોવાથી નિર્ણય અંગેની બાબત પુર્ણ થયેલ ન હોવાથી જાહેર માહિતી અધિકારીએ માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ટ) ની જોગવાઈ મુજબનો અરજદારને જવાબ પાઠવેલ. જાહેર માહિતી અધિકારીના રીપોર્ટ મુજબ સદર ઈજનેરો સામે આ અપીલ સમયે પણ ખાતાકીય તપાસની કાર્યવાહી હાલ પણ ચાલુ છે. જે રેકર્ડ જોતા સાચી હકીકત છે. વળી, અરજદારે તેઓની અપીલ નમૂનો–જ ના નિયત નમુનામાં કરેલ છે અને તે સાથે અલગથી પત્ર સામેલ કરી અપીલના કારણ જણાવેલ છે. પરંતુ તેવા કારણ પણ સ્પષ્ટ નથી. અરજદારે અપીલના નમુનામાં વિગતો સંપુર્ણ ભરેલ નથી તેમજ કયા જાહેર માહિતી અધિકારીના જવાબ સામે તેઓને નારાજગી છે તે વિગત પણ જણાવેલ નથી. અરજદારની અપીલની વિગતો જોતા તેઓએ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના જવાબનો પણ અપીલ અરજીમાં કોઈ ઉલ્લેખ કરેલ નથી કે તેઓના જવાબ સામે કોઈ દાદની માંગણી કરેલ નથી. અરજદારે અપીલની આખરમાં ફકત તેઓએ મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી પુરી પાડવાની દાદનીછ માંગણી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીના પૂર્તતા રીપોર્ટમાં જણાવ્યા મુજબ તેમજ રેકર્ડ જોતા પ્રસ્તુત કિસ્સામાં જે ઈજનેરો સામે કાર્યવાહી થયેલ છે તેઓ સામે ખાતાકીય તપાસની કાર્યવાહી આ અપીલ સમયે પણ ચાલુ હોય, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ટ) ની જોગવાઈ મુજબ અરજદારને હાલ માહિતી પુરી પાડી શકાય તેમ નથી. જે ધ્યાને લઈ અપીલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: *હુકમ* :–**

" ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની તા.૧૭/૦૬/૧૫ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) તરફથી અધિનિયમની જોગવાઈને આધિન જવાબ આપેલ હોય, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. સબબ, અપીલ દફતરે કરવામાં આવે છે."

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૩૬૮
તા.૦૩/૦૮/૨૦૧૫

**નકલ રવાના :–**

(૧) શ્રી સુરેશ એમ. પટેલ

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.....

એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૪, ૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૬૮૬ તા.૨૪–૦૬–૨૦૧૫ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૫૧, તા.૩૦/૦૬/૨૦૧૫ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૨૭/૦૭/૨૦૧૫ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી)એ માહિતી છુપાવી હોય તેમ કારણ જણાવી હાલની અપીલ કરેલ છે. જે અપીલ અત્રે **તા.૨૮/૦૭/૧૫** ના રોજ મળેલ છે. આ અપીલ અત્રેના રજીસ્ટરે નં.**INQ/FAP**/૪/૨૦૧૫–૧૬ થી દાખલ કરેલ છે. અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૦૫/૦૮/૨૦૧૫ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–*

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની અરજી આઈ.ડી.નં.૬૮૬ તા.૨૪/૬/૧૫ થી માંગવામાં આવેલ માહિતી અત્રેના ખાતાને લગતી હોવાનું જણાવી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૧૨૦૦, તા.૨૫/૦૬/૨૦૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ હતી. જે અરજીમાં અરજદારે બી.આર.ટી.એસ. પૂણાવાળા ૪૫.૦૦ મીટર રોડ સ્થિત શુભમપાર્ક વાળા ૩૧ મકાનોને છાવરી (ડીમોલીશન ન કરી) વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરનાર પી.ડી. મુન્સી અને ડી.સી. ભગવાગર વિરૂધ્ધ ખાતાકીય તપાસ હાથ ધરી તેઓની નોંકરી (સેવા) કાર્યકાળની શરૂઆતથી આજદિન સુધીની ઝીણવટભરી તપાસ કરાવી સદર બંને અધિકારીઓને હોદ્દાથી દુર કરી જેલ હવાલે કરી સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવા બાબતે તેઓએ મ્યુ.કમિશ્નરશ્રી સમક્ષ તા.૦૪/૧૦/૨૦૧૪ ના રોજથી કરેલ રજુઆત તેની નકલ યોગ્ય કાર્યવાહી માટે વીજીલન્સ ઓફીસરશ્રી સુ.મ.ન.પાલિકા સમક્ષ પણ આપેલ તથા આ સંદર્ભમાં તેઓની મા.મુખ્યમંત્રીશ્રી સમક્ષની રજુઆત સંદર્ભે શ.વિ. અને શ.ગૃ. નિર્માણ વિભાગના પત્ર ક્રમાંક સમન/૧૦૨૦૧૪/સી.એમ. –૬૫૭ થી ૬૬૧, પી, તા.૧૭/૧૧/૨૦૧૪ થી પણ મા.મ્યુ.કમિશ્નરશ્રીને યોગ્ય કાર્યવાહી કરી તેઓની જાણ હેઠળ તેઓને પ્રત્યુત્તર પાઠવવા જણાવેલ તે સંદર્ભે થયેલ કાર્યવાહી, પત્રવ્યવહાર અને સુ.મ.ન.પાલિકાની જે તે કચેરીઓમાં રજુઆત મળેલ હોય તેવી તમામ કચેરીમાં થયેલ નોટીંગ સેકશન રીપોર્ટીંગની પ્રમાણિત નકલ વિગેરેની માહિતીની માંગણી કરેલ. અરજદારની અરજી અન્વયે અત્રેના ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ મુજબ અરજીમાં જણાવેલ વિગતેની અરજદારની અરજીમાં જણાવ્યા મુજબની બી.આર.ટી.એસ. પૂણાવાળા ૪૫.૦૦ મીટર રોડ સ્થિત શુભમપાર્ક વાળા ૩૧ મકાનોને છાવરી (ડીમોલીશન ન કરી) વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરનાર પી.ડી. મુન્સી અને ડી.સી. ભગવાગર વિરૂધ્ધ ખાતાકીય તપાસ હાથ ધરી તેઓની નોંકરી (સેવા) કાર્યકાળની શરૂઆતથી આજદિન સુધીની ઝીણવટભરી તપાસ કરાવા બાબતની અરજદારે નમુના–ક ની અરજીમાં જણાવ્યા મુજબની મ્યુ.કમિશ્નરશ્રીને કરેલ તા.૦૪/૧૦/૨૦૧૪ ની રજુઆત કે તેની વીજીલન્સ ઓફીસરશ્રીને મોકલેલ નકલ પૈકીની કોઈ નકલ અત્રેના ખાતાને સીધી કે તબદીલ થઈ મળેલ જ ન હોય કે સદર વિષયવાળી અરજી અત્રેના રેકર્ડ પર જ ન હોય, અરજદારે તેમની નમુના–ક ની અરજીમાં સદર વિષય હેઠળની અરજીના અનુસંધાને માંગેલ માહિતી અંગે અરજદારને નં.જીએડી/ઈએસટી/આઈ/૨૫૧, તા.૩૦/૦૬/૨૦૧૫ થી માહિતી "નીલ" હોવા બાબતનો જવાબ પાઠવવામાં આવેલ.

અરજદારે તેઓની હાલની અપીલમાં જાણે અમોએ માહિતી છુપાવી હોય તેમ જણાવી ખાસ મજબુત અને ઠોસ કારણો માંગેલ છે. તેમજ તેઓની રજુઆતમાં જણાવ્યા મુજબની કોઈ જ કાર્યવાહી કરેલ નથી એટલે માહિતી છુપાવી હોય તેમ જણાવી તેના કારણો માંગલ છે. પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે અરજદારે તેઓની નમુના–ક ની અરજીમાં જે વિષય હેઠળની તેઓએ કરેલ અરજીઓની વિગત જણાવી તેના અનુસંધાને માહિતીની માંગણી કરેલ તેવી બી.આર.ટી.એસ. પૂણાવાળા ૪૫.૦૦ મીટર રોડ સ્થિત શુભમપાર્ક વાળા ૩૧ મકાનોને છાવરવા (ડીમોલીશન ન કરી) બાબતની અરજી અત્રેના ખાતાને સીધી કે તબદીલ થઈને મળેલ ન હોય, તેવી અરજી અંગેની માહિતી રેકર્ડ ઉપર જ ન હોય તેવી માહિતી અરજદારથી છુપાવવાનો કે તે અંગેના અરજદારની માંગણી મુજબના ખાસ મજબુત અને ઠોસ કારણો જણાવવાનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. વળી, અરજદારને તેમની અપીલ તેઓની રજુઆત મુજબની કાર્યવાહી યાને કે, અધિકારીઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરી હોદ્દાથી દૂર કરવા બાબતની જાણે અત્રેથી કાર્યવાહી ન કરી હોય તેમ જણાવી તેના કારણ માંગેલ છે. જે અંગે અરજદારની નમુના–ક ની અરજીમાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવા કરેલ રજુઆતો જ અત્રે મળેલ ન હોય તેવી અત્રેની તકરારને બાધ ન આવે તે રીતે જણાવવાનું કે, જો અરજદારની તેવી અધિકારીઓ સામે ખાતાકીય તપાસ કરવાની અરજી સીધી કે અન્ય ખાતા મારફત તબદીલ થઈને આવી હોત, તો પણ તેવી અરજી ઉપર સક્ષમ સત્તાધીશના ખાતાકીય તપાસની કાર્યવાહી કરવા અંગે સ્પષ્ટ આદેશ થયા બાદ જ અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી જે તે જવાબદાર કર્મચારી / અધિકારી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની રહે છે. જયારે હાલના કિસ્સામાં અરજદારની અરજી જ અત્રેના ખાતાને **મળેલ ન હોવાથી** તેમની રજુઆત મુજબની કાર્યવાહી યાને કે, અધિકારીઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવાની કાર્યવાહી ન કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

આમ, અરજદારની નમુના–ક ની અરજીમાં જણાવ્યા મુજબની તેઓ ધ્વારા કરવામાં આવેલ રજુઆતો અત્રેના ખાતાને કોઈપણ રીતે મળેલ જ ન હોય, અરજદારને અત્રેથી આપવામાં આવેલ જવાબ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય હોય અરજદારને અત્રેના જવાબ સામે હાલની અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. વળી, અરજદાર અપીલમાં જણાવે છે તેવી માહિતી જો અત્રેના રેકર્ડ પર હોય અને અત્રેથી જાણી જોઈને માહિતી છુપાવી હોય તે દર્શાવવા અંગેના કોઈ પુરાવા અરજદારે અપીલ સાથે રજૂ કરેલા નથી. જેથી જો અરજદાર પાસે તેવા કોઈ પુરાવા હોય તો અરજદારે તેવા પુરાવા પ્રથમ અપીલ સાથે બિડાણ કરવા જોઈએ. પરંતુ તેવા કોઈ પુરાવાઓ અરજદારે પ્રથમ અપીલ સાથે રજૂ કરેલ નથી.

## *સુનાવણીની વિગતો:–*

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણો, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણ:–*

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટે તેઓની અરજી આઈ.ડી.નં.૬૮૬, તા.૨૪/૬/૧૫ થી તેઓએ બી.આર.ટી.એસ. પૂણાવાળા ૪૫.૦૦ મીટર રોડ સ્થિત શુભમપાર્ક વાળા ૩૧ મકાનોને છાવરી (ડીમોલીશન ન કરી) વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરનાર પી.ડી. મુન્સી અને ડી.સી. ભગવાગર વિરૂધ્ધ ખાતાકીય તપાસ હાથ ધરવા વિગેરે બાબતે તેઓએ મ્યુ.કમિશનરશ્રીને રજુઆત કરેલ હોવાનું તેમજ તેની નકલ વીજીલન્સ ઓફીસરશ્રીને આપેલ અને આ સંદર્ભમાં તેઓની મા.મુખ્યમંત્રીશ્રી સમક્ષની રજુઆત સંદર્ભે શ.વિ. અને શ.ગૃ. નિર્માણ વિભાગ તરફથી મ્યુ.કમિશનરશ્રીને યોગ્ય કાર્યવાહી કરી તેઓની જાણ હેઠળ તેઓને પ્રત્યુત્તર પાઠવવા જણાવેલ તે સંદર્ભે માહિતી માંગતી અરજી કરેલ. જે અરજી સંદર્ભે અરજદારની નમુના–ક ની અરજીમાં જણાવ્યા મુજબની વિષયવાળી રજુઆત કે તે પૈકીની કોઈ નકલ ઈન્કવાયરી ખાતાને સીધી કે તબદીલ થઈ **મળેલ ન હોવાથી** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૫૧, તા.૩૦/૦૬/૨૦૧૫ થી માહિતી "નીલ" હોવા બાબતનો જવાબ પાઠવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પૂર્તતા અહેવાલની વિગતે ઈન્કવાયરી ખાતાનો રેકર્ડ ચકાસતા અરજદારે તેમની નમુના–ક ની અરજીમાં જણાવ્યા મુજબની વિગતેની તેઓએ જે અરજી સુરત મનપામાં કે સરકારશ્રીમાં કરેલ હોવાનું જણાવેલ છે તે વિષય હેઠળની અરજીઓ ઈન્કવાયરી ખાતાને સીધી રીતે કે અન્ય કોઈ ખાતામાંથી તબદીલ થઈને પણ મળેલ હોવાનું જણાતું નથી. એટલે કે તેવી કોઈ જ માહિતી/રેકર્ડ ઈન્કવાયરી ખાતાના દફતરે ઉપલબ્ધ નથી. આથી જાહેર માહિતી અધિકારીએ અરજદારને જે જવાબ પાઠવેલ છે તે જવાબ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય જણાય છે.

અરજદારે હાલની અપીલમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ જાણીજોઈને માહિતી છુપાવી આપેલ ન હોય તેના કારણ માંગેલ છે. તેમજ અધિકારીઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરી હોદ્દાથી દૂર કરવા બાબતની કાર્યવાહી ન કરી હોય તેમ જણાવી તેના કારણ માંગેલ છે. પરંતુ અરજદારની રજુઆત કરતી અરજી ઈન્કવાયરી ખાતાને સીધી કે તબદીલ થઈને મળેલ ન હોવાથી રેકર્ડ ઉપર જ ન હોય તેવી માહિતી અરજદારથી છુપાવવાનું કોઈ કારણ જણાતું નથી. વળી તેવી અધિકારીઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવાની અરજી જો ઈન્કવાયરી ખાતાને મળેલ હોત તો પણ તેવી અરજીમાં કરવામાં આવેલ રજુઆતના સાચાપણાંની ખરાઈ માટે પ્રાથમિક તપાસ થયા બાદ સક્ષમ સત્તાના હુકમો મળ્યા બાદ ખાતાકીય તપાસની કાર્યવાહી થઈ શકે. જેથી અરજદારની રજુઆત મુજબ પ્રસ્તુત અપીલમાં જણાવ્યા મુજબની અરજીઓ અંગેની ખરાઈ બાદ તેમાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવાના સક્ષમ અધિકારીના અધિકારીઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવાના આદેશ સહિત ઈન્કવાયરી વિભાગને મળેલ જ ન હોવાથી, તેવો રેકર્ડ માહિતી ઉપલબ્ધ ન હોય, તેમાં જણાવ્યા મુજબની કાર્યવાહી થયેલ નથી. સબબ, રેકર્ડ જોતા અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા આપવામાં આવેલ જવાબ યોગ્ય હોય, તે સામે અરજદારને હાલની પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું પુરવાર થતું નથી. જે ધ્યાને લઈ અપીલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## *–: હુકમ :–*

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં કરેલ સ્પષ્ટતા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) એ અરજદારને આપેલ જવાબ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય હોય, તે જવાબ વિરૂધ્ધ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૩૭૭
તા.૦૭/૦૮/૨૦૧૫

**પ્રતિ,**

(૧) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૫, ૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૬૪૯ તા.૧૯–૦૬–૨૦૧૫ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૪૫, તા.૩૦/૦૬/૨૦૧૫ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૨૭/૦૭/૨૦૧૫ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી)એ માંગ્યા મુજબની મુદ્દાસર માહિતી પુરી ન પાડી હોય અને ફકત પાઠવવા ખાતરનો પ્રત્યુત્તર પાઠવી સંપુર્ણ માહિતી જાણી જોઈને ઈરાદાપુર્વક છુપાવી હોવાનું જણાવી તેમજ ગોળ ગોળ પ્રત્યુત્તર પાઠવી મુદ્દાસર માહિતી ન પુરી પાડી મુદ્દા નં.૧ થી ૭ ની સંપુર્ણ માહિતી છુપાવી હોય તેમ કારણ જણાવી હાલની અપીલ કરેલ છે. જે અપીલ અત્રે **તા.૨૮/૦૭/૧૫** ના રોજ મળેલ છે. આ અપીલ અત્રેના રજીસ્ટરે નં.**INQ/FAP/**૦૫/૨૦૧૫–૧૬ થી દાખલ કરેલ છે. અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ તા.૧૯/૦૮/૨૦૧૫ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતા</u>:–*

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની અરજી આઈ.ડી.નં.૬૪૯ તા.૧૯/૬/૧૫ થી માંગવામાં આવેલ માહિતી અત્રેના ખાતાને લગતી હોવાનું જણાવી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૧૧૫૨, તા.૨૦/૦૬/૨૦૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ.

અરજદારે તેમની સદર અરજીથી તેઓએ ટી.પી.સ્કીમ નં.૬૯,(ડિંડોલી–ગોડાદરા), ફા.પ્લોટ નં. ૧૭૨+૧૭૩ બ્લોક નં.૨૦૩, ૨૦૪(મોજે ડીંડોલી) સ્થિત માર્ક પોઈન્ટ ઈમારતમાં બી.યુ.સી. વગર ગેરકાયદે મૌખિક વસવાટ પરવાનગી આપી મ.શ.વિ. ખાતાના રાજેશ જે. પંડયા, વિજય બી. દેસાઈ અને નીરીષ પટેલનાઓ મળી વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરેલ છે તે અંગે તેઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ શરૂ કરવા, તેઓને હોદ્દાથી દૂર કરવા,(સસ્પેન્ડ કરવા) તેઓને જેલ હવાલે કરવા તેમજ આ ઈમારત અને બીલ્ડર ડેવલપર / આર્કિટેકટ એન્જી. વિરૂધ્ધ કાર્યવાહી કરવા ડીસેમ્બર–૨૦૧૪ થી આજદિન સુધી મા.મુખ્યસચિવશ્રી ગુજરાત સરકાર, મા.મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજય, મા. તકેદારી આયુકતશ્રી ગુજરાત તકેદારી આયોગ, મા.અધિક મુખ્યસચિવશ્રી શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, મા.જીલ્લા કલેકટરશ્રી સુરત ડો.રાજેન્દ્રકુમાર, મા.મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, મા.વીજીલન્સ ઓફીસર બી.જે.શેઠ, મા.ખાતાકીય તપાસ અધિકારી એમ.ડી.સોલંકી, મા.ટાઉન પ્લાનર રાજેશ જે.પંડયા સહિતનાઓ સમક્ષ અલગ અલગ તારીખે અનેક ફરીયાદો(રજુઆતો) કરેલ છે. તેમ ઉપરોકત તમામ વિભાગ/કચેરીઓ થી અમારી આ તમામ ફરીયાદો/રજુઆતો સુ.મ.ન.પાલિકાના જે તે વિભાગ ખાતાઓમાં મળેલ હોય તે તમામ કચેરીઓમાં રજુઆતોના ઈન્વર્ડ નંબર તારીખ અને તે સંદર્ભે થયેલ કાર્યવાહી, પત્રવ્યવહાર અને સુ.મ.ન.પાલિકાની જે તે તેમજ રજુઆત મળેલ હોય તેવી તમામ કચેરીમાં થયેલ નોટીંગ સેકશન રીપોર્ટીંગની પ્રમાણિત નકલ વિગેરે સહિત તેઓની નમુના–ક ની પ્રસ્તુત અરજીમાં મુદ્દા નં.૧ થી ૭ માં જણાવ્યા મુજબની માહિતીની માંગણી કરેલ.

અરજદારની માંગણી અન્વયે અત્રેના ઈન્કવાયરી વિભાગનો રેકર્ડ તપાસતા અરજદારે નમુના–ક ની અરજીમાં મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબની વિષય હેઠળની અરજી બે નકલમાં તા.૧૩/૪/૧૫ ના રોજ ખાતાકીય તપાસ અધિકારીશ્રીને નકલ રવાના તરીકે અત્રે ઈન્વર્ડ કરાવેલ, જે બંને અરજીઓમાં કરવામાં આવેલ રજૂઆત–ફરીયાદ અન્વયે પ્રાથમિક તપાસ કરવા અંગે વીજીલન્સ એન્ડ ઈન્સ્પે.ઓફિસરશ્રીને નં.જીએડી/ઈએસટી/આઈ/૬૧, તા.૨૨/૪/૧૫ થી રવાના કરેલ અને તેની જાણ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૨ તા.૨૨/૪/૧૫ થી કરેલ છે. જે અન્વયે અરજદારને તેઓની નમુના–ક ની અરજીમાં મુદ્દા નં.૧ થી ૭ નો મુદ્દાસર નીચે મુજબનો જવાબ આપવામાં આવેલ.

| મુદ્દા નં. | અરજદારને આપવામાં આવેલ જવાબ/પૂર્તતા |
|---|---|
| મુદ્દા નં.૧ | પ્રસ્તુત મુદ્દામાં જણાવેલ વિગતેની સરખા પ્રકારની રજુઆત કરતી મ્યુ.કમિશનરશ્રીને કરવામાં આવેલ અરજીની બે નકલો ખાતાકીય તપાસ અધિકારીશ્રીને રવાના કરેલ. જેમાં કરવામાં આવેલ રજુઆત અંગે પ્રાથમિક તપાસ કરવા વીજી.એન્ડ ઈન્સ્પે. ઓફિસરશ્રીને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૧, તા.૨૨/૦૪/૨૦૧૫ થી મોકલવામાં આવેલ. **(જે પત્રની નકલ સામેલ છે.)** |
| મુદ્દા નં.૨ | સદર અરજીઓ પ્રાથમિક તપાસ કરવા અંગે આગળની કાર્યવાહી કરવા માટે વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસરશ્રીને મોકલવામાં આવેલ તેની જાણ તમોને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૨, તા.૨૨/૪/૨૦૧૫ થી કરેલ. **(સદર પત્રની નકલ સામેલ કરેલ છે.)** |
| મુદ્દા નં.૩ | અરજીઓમાં કરવામાં આવેલ રજુઆત અન્વયે અત્રેથી સક્ષમ સત્તાધિશના આદેશ મળ્યેથી કાર્યવાહી કરવાની રહે છે. |
| મુદ્દા નં.૪ | સદર અરજીની હકીકતોની યતાર્થતા તેમજ સાચાપણાં અંગે સૌપ્રથમ પ્રાથમિક તપાસ કરવાની કાર્યવાહી વીજીલન્સ વિભાગે કરવાની રહેતી હોવાથી સદર અરજીઓ વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસરશ્રીને ટ્રાન્સફર કરેલ. જે અંગે કોઈ કાયદાકીય જોગવાઈ, પરીપત્રો, ઠરાવો અને કાયદાકીય જોગવાઈઓ રેકર્ડ પર નથી. |
| મુદ્દા નં.૫ | તમારી અરજીમાં જણાવ્યા મુજબની અત્રેના ખાતાને લાગત કામગીરી અંગે સક્ષમ સત્તાધિશના આદેશ થયા બાદ અત્રેથી કાર્યવાહી કરવાની રહે છે. જે બાબતના કોઈ આદેશો ત્યારબાદ અત્રે મળેલ નથી. આપની અરજીઓ આગળની કાર્યવાહી અર્થે વી.આઈ.ઓ.શ્રીને ટ્રાન્સફર કરેલ તેની જાણ તમોને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૨, તા.૨૨/૪/૨૦૧૫ થી કરેલ હોય, સદર મુદ્દામાં જણાવેલ અન્ય માહિતીની પૂર્તતા કરવાની રહેતી નથી. |
| મુદ્દા નં.૬ | સદર મુદ્દામાં માંગ્યા મુજબની માહિતી અત્રેના ખાતાને લાગત નથી. |
| મુદ્દા નં.૭ | સદર મુદ્દામાં માંગ્યા મુજબની માહિતી અત્રેના ખાતાને લાગત નથી. |

...૨...

અરજદારે હાલની પ્રથમ અપીલ જાણે અમો જાહેર માહિતી અધિકારીએ માંગ્યા મુજબની મુદ્દાસર માહિતી પુરી ન પાડી હોય અને ફકત પાઠવવા ખાતરનો પ્રત્યુત્તર પાઠવી સંપુર્ણ માહિતી જાણીજોઈને ઈરાદાપુર્વક છુપાવી હોવાનું જણાવી તેમજ ગોળ ગોળ પ્રત્યુત્તર પાઠવી મુદ્દાસર માહિતી ન પુરી પાડી મુદ્દા નં.૧ થી ૭ ની સંપુર્ણ માહિતી છુપાવી હોય તેમ જણાવી અપીલ કરેલ છે.

પરંતુ ઉપર જણાવ્યા મુજબ અરજદારે તેઓની નમુના–ક અરજીમાં મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબના વિષય હેઠળની તેઓએ કરેલ અરજી બે નકલમાં તા.૧૩/૪/૧૫ ના રોજ ખાતાકીય તપાસ અધિકારીશ્રીને નકલ રવાના તરીકે અત્રે ઈન્વર્ડ કરાવેલ, જે બંને અરજીઓમાં કરવામાં આવેલ રજૂઆત–ફરીયાદ અન્વયે પ્રાથમિક તપાસ કરવા અંગે ઉપર જણાવ્યા મુજબ વીજીલન્સ એન્ડ ઈન્સ્પે.ઓફિસરશ્રીને નં.જીએડી/ઈએસટી/આઈ/૬૧, તા.૨૨/૪/૧૫ થી રવાના કરવામાં આવેલ અને તેની જાણ પણ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૨ તા.૨૨/૪/૧૫ થી કરવામાં આવેલ.

અરજદારે તેવી અરજીમાં જણાવેલા અધિકારીઓ વિરૂધ્ધ આક્ષેપો કરીને તેઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસની કાર્યવાહી કરવા વિગેરેની માંગણી કરેલ. પરંતુ અરજદારને તેવી અરજીમાં કરવામાં આવેલ રજુઆતની યથાર્થતા તેમજ સાચાપણાં અંગે સંબંધિત વિભાગ(વિજીલન્સ વિભાગ) ધ્વારા પુરતી તપાસ કર્યા બાદ અને તેવી તપાસમાં રજુઆતકર્તાની ફરીયાદમાં કોઈ તથ્ય જણાય તો તે અંગે સક્ષમ સત્તાધીશના ખાતાકીય તપાસની કાર્યવાહી કરવા બાબતના સ્પષ્ટ આદેશ થયા બાદ જ અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી જે તે જવાબદાર કર્મચારી / અધિકારી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની રહે છે.

આમ અરજદારે તેઓની અરજી આઈ.ડી.નં.૬૪૯ તા.૧૯/૬/૧૫ માં જે વિષય હેઠળની રજુઆત કરી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતીની માંગણી કરેલ તેનો અરજદારને ઉપર જણાવ્યા મુજબ મુદ્દાસર, યોગ્ય જવાબ પાઠવવામાં આવેલો છે. અપીલ કરવા માટે અપીલમાં ફકત કારણો લખી દેવાની અપીલ કરવાના કારણો પુરવાર થતા નથી. અપીલ કરવાના કારણો પુરવાર કરવાની જવાબદારી અપીલ કરનારને શીર રહે છે. હાલની અપીલમાં અરજદારે અપીલના જે કારણો દર્શાવેલા છે તેવા કારણો પુરવાર કરવા માટે અરજદારે અપીલ સાથે કોઈ આધાર–પુરાવા રજૂ કરેલા નથી કે તે અંગેની કોઈ તર્કસંગત રજૂઆતો અપીલમાં દર્શાવી નથી. જેથી અરજદારે હાલની અપીલમાં જણાવ્યા મુજબ અમો જાહેર માહિતી અધિકારીએ માંગ્યા મુજબની મુદ્દાસર માહિતી પુરી ન પાડી હોવાનું કે ફકત પાઠવવા ખાતરનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું કે, સંપુર્ણ માહિતી જાણીજોઈને ઈરાદાપુર્વક છુપાવી હોવાનું કે, ગોળ ગોળ પ્રત્યુત્તર પાઠવી મુદ્દાસર માહિતી ન પુરી પાડી હોવાનું કે, મુદ્દા નં.૧ થી ૭ ની સંપુર્ણ માહિતી છુપાવી હોવાનું કોઈપણ કારણ પુરવાર થતુ નથી. કોઈપણ કોમ્પીટન્ટ ઓથોરીટીના આદેશો વિના કોઈપણ અરજદારે ફકત અરજી કરવામાત્રથી અત્રેથી કોઈ અધિકારી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી કરી શકાતી નથી. જેથી હાલના અરજદારે નમુના–ક ની અરજીમાં જે તેઓની રજુઆતોનો ઉલ્લેખ કરેલ છે, તેવી રજુઆતો પ્રાથમિક તપાસ અંગે વિજીલન્સ ખાતાને મોકલવામાં આવ્યા બાદ વિજીલન્સ વિભાગ ધ્વારા પ્રાથમિક તપાસ થયા બાદ જવાબદાર જણાતા અધિકારી/કર્મચારીની વિગતો સાથે સક્ષમ સત્તાના આદેશો મેળવે તો જ અરજદારની રજુઆત મુજબની ખાતાકીય તપાસની કાર્યવાહી હાથ ધરી શકાય જયારે આ કિસ્સામાં સક્ષમ ઓથોરીટીના કોઈ આદેશો અત્રેના ઈન્કવાયરી ખાતાને મળેલા ન હોય, તે સંજોગોમાં અરજદારની રજુઆતોમાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવામાં આવેલ નથી. સબબ, અરજદારે જણાવ્યા મુજબ તેઓની રજુઆતો અન્વયે કરવાની થતી કાર્યવાહી કરેલ ન હોવાનું કારણ પણ તે સંજોગોમાં પુરવાર થતુ નથી.

સબબ, અરજદારને તેઓની નમુના–ક ની અરજી અન્વયે આપવામાં આવેલ જવાબ યોગ્ય અને મુદ્દાસરનો હોય, અરજદારને અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. અરજદારે હાલની અપીલ ફકત કરવા ખાતર અને ગોળ ગોળ કારણો અપીલમાં જણાવી કરેલ છે. જે કારણો પુરવાર થતા ન હોય, અરજદારે અપીલમાં અમો જાહેર માહિતી અધિકારી સામે માંગેલ કોઈપણ દાદ અરજદારને મળવાપાત્ર નથી અને અપીલ તે સંજોગોમાં દફતરે કરવાની જરૂર છે.

## *સુનાવણીની વિગતો:–*

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણો, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણ:–*

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટે અરજી આઈ.ડી.નં.૬૪૯ તા.૧૯/૬/૧૫ થી તેઓએ ટી.પી.સ્કીમ નં.૬૯,(ડિંડોલી–ગોડાદરા), ફા.પ્લોટ નં. ૧૭૨+૧૭૩ બ્લોક નં.૨૦૩, ૨૦૪(મોજે ડીંડોલી) સ્થિત માર્ક પોઈન્ટ ઈમારતમાં બી.યુ.સી. વગર ગેરકાયદે મૌખિક વસવાટ પરવાનગી આપી મ.શ.વિ. ખાતાના રાજેશ જે. પંડયા, વિજય બી. દેસાઈ અને નીરીષ પટેલનાઓ મળી વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરેલ છે તે અંગે તેઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ શરૂ કરવા, તેઓને હોદ્દાથી દૂર કરવા,(સસ્પેન્ડ કરવા) તેઓને જેલ હવાલે કરવા તેમજ આ ઈમારત અને બીલ્ડર ડેવલપર / આર્કિટેકટ એન્જી. વિરૂધ્ધ કાર્યવાહી કરવા ડીસેમ્બર–૨૦૧૪ થી આજદિન સુધી મા.મુખ્યસચિવશ્રી ગુજરાત સરકાર, મા.મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજય, મા. તકેદારી આયુકતશ્રી ગુજરાત તકેદારી આયોગ, મા.અધિક મુખ્યસચિવશ્રી શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, મા.જીલ્લા કલેકટરશ્રી સુરત ડો.રાજેન્દ્રકુમાર, મા.મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, મા.વીજીલન્સ ઓફીસર બી.જે.શેઠ, મા.ખાતાકીય તપાસ અધિકારી એમ.ડી.સોલંકી, મા.ટાઉન પ્લાનર રાજેશ જે.પંડયા સહિતનાઓ સમક્ષ અલગ અલગ તારીખે અનેક ફરીયાદો(રજુઆતો) કરેલ છે. તેમ ઉપરોકત તમામ વિભાગ/કચેરીઓ થી અમારી આ તમામ ફરીયાદો/રજુઆતો સુ.મ.ન.પાલિકાના જે તે વિભાગ ખાતાઓમાં મળેલ હોય તે તમામ કચેરીઓમાં રજુઆતોના ઈન્વર્ડ નંબર તારીખ અને તે સંદર્ભે થયેલ કાર્યવાહી, પત્રવ્યવહાર અને સુ.મ.ન.પાલિકાની જે તે તેમજ રજુઆત મળેલ હોય તેવી તમામ કચેરીમાં થયેલ નોટીંગ સેકશન રીપોર્ટીંગની પ્રમાણિત નકલ વિગેરે સહિત તેઓની નમુના–ક ની અરજીમાં મુદ્દા નં.૧ થી ૭ માં જણાવ્યા મુજબની માહિતીની માંગણી કરેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૪૫, તા.૩૦/૦૬/૨૦૧૫ થી પૂર્તતા અહેવાલમાં જણાવ્યા મુજબનો અરજીના

મુદ્દાવાઈઝ જવાબ આપેલ છે. જે જવાબની વિગતો જોતા જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની અરજીમાં જે બાબતનો ઉલ્લેખ કરીને માહિતીની માંગણી કરેલ છે તે અંગે અરજીના જે તે મુદ્દા મુજબ જવાબ આપેલ છે. આથી જાહેર માહિતી અધિકારીએ અરજદારને જે મુદ્દાવાઈઝ જવાબ પાઠવેલ છે તે જવાબ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય જણાય છે.

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ તેમજ ઈન્કવાયરી ખાતાનો રેકર્ડ જોતા ઈન્કવાયરી ખાતામાં અરજદારે નમુના–ક ની અરજીમાં જે તેઓએ ને બાબતની અરજીઓ કરેલ હોવાનો ઉલ્લેખ કરીને માહિતીની માંગણી કરેલ છે તે પૈકીની અરજી બે નકલમાં તા.૧૩/૪/૧૫ ના રોજ ખાતાકીય તપાસ અધિકારીશ્રીને નકલ રવાના તરીકે ઈન્કવાયરી ખાતામાં ઈન્વર્ડ કરાવેલ, જે બંને અરજીઓમાં કરવામાં આવેલ રજૂઆત–ફરીયાદ અન્વયે પ્રાથમિક તપાસ કરવા અંગે વીજીલન્સ એન્ડ ઈન્સ્પે.ઓફિસરશ્રીને રવાના કરવામાં આવેલ અને તેની જાણ પણ અરજદારને કરેલ છે.

અરજદારે હાલની અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી)એ માંગ્યા મુજબની મુદ્દાસર માહિતી પુરી ન પાડી હોય અને ફકત પાઠવવા ખાતરનો પ્રત્યુત્તર પાઠવી સંપુર્ણ માહિતી જાણી જોઈને ઈરાદાપુર્વક છુપાવી હોવાનું જણાવી તેમજ ગોળ ગોળ પ્રત્યુત્તર પાઠવી મુદ્દાસર માહિતી ન પુરી પાડી મુદ્દા નં.૧ થી ૭ ની સંપુર્ણ માહિતી છુપાવી હોય અને તેઓની રજુઆતો અન્વયે કરવાની થતી કાર્યવાહી કરેલ ન હોવાનું કારણ જણાવી અપીલ કરેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારીના પુર્તતા અહેવાલની હકીકત તેમજ ખરી હકીકત જોતા અરજદાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત કે અન્ય કોઈપણ ઈસમ તરફથી કર્મચારી સામે ખાતાકીય તપાસ કરવા માટે સુરત મહાનગરપાલિકામાં ફકત અરજી કરવામાત્રથી કોઈપણ કર્મચારી સામે સીધેસીધી ખાતાકીય તપાસની કાર્યવાહી શરૂ કરી શકાતી નથી. આ પ્રકારની ફરીયાદની હકીકતોની યથાર્થતા તેમજ સાચાપણાં અંગે સૌપ્રથમ તો આવેલ ફરીયાદ/રજુઆતના અનુસંધાને પ્રાથમિક તપાસ કરવાની રહે છે અને તેવી પ્રાથમિક તપાસમાં ફરીયાદની હકીકતો સાચી જણાય તો તે અંગે જે તે જવાબદારો સામે પગલા ભરવા કે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવા અંગે સક્ષમ સત્તાધિકારી ધ્વારા સ્પષ્ટ લેખિત આદેશો થયા બાદ જ અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી જે તે જવાબદાર કર્મચારી / અધિકારી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની રહે છે. હાલના કિસ્સામાં પણ અરજદારની અરજીમાં જણાવ્યા મુજબની તેઓએ મહાનગરપાલિકામાં કરેલ અરજીઓની નકલ ઈન્કવાયરી ખાતાને મળેલ. પરંતુ સદર અરજીમાં કરવામાં આવેલ અરજદારની રજુઆત જોતા તેમાં કરવામાં આવેલ ફરીયાદ બાબતે પ્રાથમિક તપાસ કરવા અંગે ઈન્કવાયરી ખાતામાંથી વીજીલન્સ એન્ડ ઈન્સ્પે.ઓફિસરશ્રીને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૧, તા.૨૨/૪/૧૫ થી રવાના કરવામાં આવેલ અને તેની જાણ પણ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૨ તા.૨૨/૪/૧૫ થી કરવામાં આવેલ.

આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં માંગ્યા મુજબનો મુદ્દાસર અને યોગ્ય જવાબ પાઠવવામાં આવેલો છે તેમજ અરજદારની રજુઆતો જે વીજીલન્સ ખાતાને મોકલવામાં આવેલ તે કચેરી કાર્યપધ્ધતિ અનુસાર મોકલવામાં આવી હોય અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના જવાબ સામે અપીલના જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાતું નથી.

## **–: *હુકમ* :–**

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં કરેલ સ્પષ્ટતા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) એ અરજદારે આપેલ જવાબ યોગ્ય હોય, અરજદારને અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૪૦૭
તા.૧૯/૦૮/૨૦૧૫

**પ્રતિ,**

(૧) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૬, ૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી અરૂણ એસ. પાઠક**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ–** શ્રી અરૂણ એસ. પાઠકની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં.૭૫૪, તા.૦૭/૦૨/૧૫ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે જા.મા.અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૮૮, તા.૧૩/૦૩/૨૦૧૫ થી આપવામાં આવેલ પ્રતિભાવ વિરૂધ્ધ તા.૨૨/૦૭/૨૦૧૫ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદાર શ્રી અરૂણ એસ. પાઠકે તેઓની અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ ૩૦ દિવસમાં કોઈ નિર્ણય મળે નથી તેમ જણાવી હાલની અપીલ કરેલ છે. જે અપીલ અત્રે તા.૨૮/૦૭/૧૫ ના રોજ મળેલ છે. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૬/૨૦૧૫–૧૬ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૧૭/૦૮/૨૦૧૫ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

***<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–</u>***

શ્રી અરૂણ એસ. પાઠક, ઠેકાણું : ૧૨, ભગવતી આર્કેડ, ઉધના ઉદ્યોગનગર, રોડ નં.૫, ઉધના, સુરતનાએ તેઓની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૭૫૪, તા.૦૭/૦૨/૨૦૧૫ થી માંગવામાં આવેલી માહિતી પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ કચેરીના તા.૦૯/૦૨/૨૦૧૫ ના પત્ર નં.સી/આરટીઆઈ/૭૫૪ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. જે અન્વયે અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૮૮, તા.૧૩/૦૩/૨૦૧૫ થી માહીતી આપવામાં આવેલ. જે જવાબથી નારાજ થઈ તા.૨૨/૦૭/૧૫ ના રોજ અપીલ કરેલ છે. જે અપીલ પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ કચેરીના તા.૨૪/૦૭/૨૦૧૫ ના પત્ર નં.સીએફએપી/૮૮ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. જે અપીલ અત્રેના રજીસ્ટરે નં.INQ/FAP/૬/૨૦૧૫–૧૬ થી દાખલ કરેલ છે. તે અન્વયે એપેલેટ અધિકારીશ્રીના આદેશ અન્વયે અત્રેનો પૂર્તતા રીપોર્ટ નીચે મુજબ છે.

અરજદાર ધ્વારા તેઓની ઉપરોકત અરજીથી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉધનાઝોનના ડે.ઈજનેર શ્રી એચ. બી. લીંબાશીયા બાબતે વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ છે. જે પૈકી અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૬ પૈકીની શિક્ષાત્મક કાર્યવાહી/ખાતાકીય તપાસની કાર્યવાહીની બાબતેની માહિતીની માંગણી કરેલ છે.

અરજદારશ્રીની પ્રસ્તુત માંગણી અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ તપાસતા ઉધનાઝોનના ડે.ઈજનેર શ્રી એચ. બી. લીંબાશીયા બાબતે વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી અન્વયે અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૬ પૈકીની શિક્ષાત્મક કાર્યવાહી/ખાતાકીય તપાસની કાર્યવાહીની તેઓને આપવા જોગ માહિતીની પૂર્તતા અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી કરવાની રહેતી હોવાથી, સદર મુદ્દાઓની માહિતીનો રેકર્ડ–નકલોની ચકાસણી કરી, અરજદારને આપવા જોગ પાના નંગ–૩૧ રૂા.૨/– લેખે રૂા.૬૨/– અંકે રૂપિયા બાંસઠ પુરા મહાનગરપાલિકાએ વસુલ મેળવી અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/ આઈ/૯૮૮, તા.૧૩/૦૩/૨૦૧૫ થી પુરા પાડવામાં આવેલ.

અરજદારે તેઓની હાલની અપીલમાં અત્રેથી તેઓને ૩૦ દિવસની અંદર માહિતી પુરી પાડેલ ન હોવાનું જણાવી રજૂઆત કરેલ છે.

ખરી હકીકતમાં અરજદારને અત્રેથી ખાતાકીય તપાસની કાર્યવાહી સંદર્ભે આપવાજોગ અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૬ની માહિતીના પાના નંગ–૩૧ રેકર્ડ ઉપર જે સ્થિતિમાં ઉપલબ્ધ હતા તે સ્થિતિમાં અને માંગ્યા મુજબ પુરા પાડવામાં આવેલ છે. જે પુરી પાડવામાં આવેલ માહિતી ટપાલ ખાતા મારફત અત્રેના ખાતાને આજ દિન સુધી પરત મળેલ નથી.જેથી સદર માહિતી અરજદારને મળેલ ન હોવાનું કોઈ કારણ જણાતું નથી. જેથી અરજદારને રજુઆત વજુદ વગરની છે.

આમ, અરજદારને અત્રેના ખાતામાંથી આપવામાં આવેલ જવાબ યોગ્ય, રેકર્ડ પરની હકીકત મુજબનો આપવામાં આવેલ છે. આમ, અરજદારને અત્રેથી આપવામાં આવેલ જવાબ સામે અપીલના જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી.

***<u>સુનાવણીની વિગતોઃ–</u>***

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલ, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો તેમજ રેકર્ડ જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

***<u>અપીલ અધિકારીનું તારણઃ–</u>***

અરજદારે હાલની અપીલ તેઓની અરજી આઈ.ડી. નં.૭૫૪, તા.૦૭/૦૨/૧૫ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે ૩૦ દિવસની અંદર માહિતી પુરી પાડેલ ન હોવાનું જણાવીમળેલા પ્રતિભાવથી નારાજ હોવાના કારણ દર્શાવી હાલની અપીલ કરેલ છે.

અરજદારે તેઓની હાલની અપીલ તા.૨૨/૦૭/૧૫ ના રોજ કરેલ છે. પરંતુ માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમની જોગવાઈઓ જોતા, અરજદારને નમુના–ક ની તારીખથી જો દિન–૩૦ માં તેઓને માહિતી ન મળે તો તે દિન–૩૦ પુરા થયાની તારીખથી એક મહિનામાં અપીલ નોંધાવવાની રહે છે. પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તે પહેલા જવાબ–પૂર્તતા મળે તો તે તારીખથી દિન–૩૦ માં અપીલ કરવાની રહે છે. આ કિસ્સામાં અરજદારને તા.૧૩/૦૩/૧૫ ના રોજ જવાબ–માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેથી તે તારીખથી દિન–૩૦ ગણતા તા.૧૧/૦૪/૧૫ સુધીમાં અરજદારે અપીલ નોંધાવવાની હતી. પરંતુ તેના બદલે તા.૨૨/૦૭/૧૫ ના રોજ દાખલ કરેલ છે. જે અપીલ કરવાની સમયમર્યાદાથી ઘણા લાંબા સમય બાદ એટલે કે આશરે ૩ માસ બાદ અપીલ દાખલ કરેલ છે. તેમ છતાં અરજદારે કરેલ વિલંબ દરગુજર કરી, અપીલ રજીસ્ટરે દાખલ કરી તે અંગે કાર્યવાહી કરેલ છે.

અરજદારની નમુના–(ક) ની અરજીના મુદ્દા નં.૬ અંગે અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ તપાસતા ઉધનાઝોનના ડે.ઈજનેર શ્રી એચ. બી. લીંબાશીયા બાબતે વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી અન્વયે અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૬ પૈકીની શિક્ષાત્મક કાર્યવાહી/ ખાતાકીય તપાસની કાર્યવાહીની તેઓને આપવા જોગ માહિતીની પૂર્તતા અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી કરવાની રહેતી હોવાથી, સદર મુદ્દાઓની માહિતીનો રેકર્ડ–નકલોની ચકાસણી કરી, અરજદારને આપવા જોગ પાના નંગ–૩૧ રૂા.૨/– લેખે રૂા.૬૨/– અંકે રૂપિયા બાંસઠ પુરા મહાનગરપાલિકાએ વસુલ મેળવી અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૮૮, તા.૧૩/૦૩/૨૦૧૫ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદાર જણાવે છે કે માહિતી ૩૦ દિવસમાં મળેલ નથી. પરંતુ અત્રેના ઈન્કવાયરી ખાતાને ટપાલ ખાતા મારફત સદર માહિતી પરત મળેલ નથી. જેથી અરજદારને સમયમર્યાદામાં માહિતી મળેલ હોય તેમ માની શકાય. જેથી સદર માહિતીની નકલ આપવાનો પ્રશ્ન જ નથી. જેથી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) એ અરજદારને આપેલ જવાબ તેમજ માહિતી ઈન્કવાયરી ખાતાના રેકર્ડ મુજબની હકીકત પ્રમાણે આપવામાં આવેલ હોવાથી અપીલના જણાવ્યા મુજબના કારણો પુરવાર થતા નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: *હુકમ* :–**

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) કક્ષાએથી અરજદાર–અપીલકર્તાની અરજીના અનુસંધાને ઈન્કવાયરી ખાતાના લાગત મુદ્દા સંદર્ભે રેકર્ડ મુજબ અત્રેથી સમયમર્યાદામાં માહિતી પુરી પાડેલ હોવાનું ફલિત થાય છે. જેથી અરજદારને અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાતું નથી. જેથી અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં કરેલ સ્પષ્ટતા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) એ અરજદારને આપેલ જવાબ વિરૂધ્ધ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૪૦૬
તા.૧૭/૦૮/૨૦૧૫

**નકલ રવાના :–**

(૧) શ્રી અરૂણ એસ. પાઠક

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.....

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૭, ૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૬૯૯ તા.૨૫–૦૬–૨૦૧૫ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૫૦, તા.૩૦/૦૬/૨૦૧૫ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૨૧/૦૮/૨૦૧૫ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી)એ મા.કમિશ્નરશ્રી સમક્ષ કરેલ રજુઆત જે કમિશનરશ્રી કચેરીમાં ઈન્વર્ડ નં.ડી/૩૫૭ તા.૦૯/૦૪/૧૫ થી યોગ્ય કાર્યવાહી માટે સદર વિભાગને મળેલ હોવા છતાં સદર વિભાગના અધિકારીઓ કરવાની થતી કોઈ જ કાર્યવાહી કરેલ ન હોવાનું અને માહિતી છુપાવી રહયા હોવાનું જણાવી તેઓએ માંગેલ મુદ્દા નં.૧ થી ૬ ની સંપુર્ણ માહિતી છુપાવી હોય તેમ કારણ જણાવી હાલની અપીલ કરેલ છે. જે અપીલ અત્રે **તા.૨૧/૦૮/૧૫** ના રોજ મળેલ છે. આ અપીલ અત્રેના રજીસ્ટરે નં.**INQ/FAP**/૦૭/૨૦૧૫–૧૬ થી દાખલ કરેલ છે. અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ તા.૦૭/૦૯/૨૦૧૫ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## ***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ હેઠળની અરજી આઈ.ડી.નં.૬૯૯ તા.૨૫/૬/૧૫ થી માંગવામાં આવેલ માહિતી અત્રેના ખાતાને લગતી હોવાનું જણાવી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૧૨૨૧, તા.૨૬/૦૬/૨૦૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ હતી. અરજદારે તેમની અરજીથી લિંબાયતઝોનના એડી.સીટી ઈજનેર જે. કે. શાહ વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશ્નરશ્રી તથા લિંબાયતઝોન સમક્ષ તા.૦૭/૮/૧૪, વીજીલન્સ અધિકારી, સુ.મ.ન.પા. તથા જીલ્લા શિક્ષણાધિકારીશ્રી સમક્ષ ૦૮/૦૮/૧૪, શહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગના પત્ર ક્રમાંક : સમન/૨૦૧૪/સી.એમ.૬૮૭/પી તા.૨૧/૧૧/૧૪ તથા પત્ર ક્રમાંક : સમન/૧૦૨૦૧૪/સી.એસ.૧૧૪/પી તા.૨૭/૧૧/૧૪ માન.મુખ્યમંત્રીશ્રી સમક્ષ તા.૧૫/૧૦/૨૦૧૪, માન.મુખ્ય સચિવશ્રી સમક્ષ તા.૧૮/૧૦/૧૪, મા.અધિક મુખ્યસચિવશ્રી શ.વિ. અનેશ.ગૃ.નિ.વિ. સમક્ષ તા.૧૮/૧૦/૧૪, ૧૩/૦૨/૧૫, મા.તકેદારી આયુકતશ્રી એ. કે. જોતી સમક્ષ તા.૧૬/૦૨/૧૫, માન.મ્યુ.કમિશ્નરશ્રી સમક્ષ તા.૩૦/૦૩/૨૦૧૫, તા.૦૯/૦૪/૧૫, અધિક મુખ્યસચિવશ્રી શ.વિ. અને શ.ગૃ.નિ.વિ. સમક્ષ તા.૨૯/૦૫/૧૫ તેમ ઉપરોકત તમામ રજૂઆતો તથા તે વિભાગો/કચેરીઓમાંથી સુ.મ.ન.પા.માં પાઠવેલ(આવેલ) તમામ પત્રો સંદર્ભે થયેલ કાર્યવાહી પત્રવ્યવહાર અને સુ.મ.ન.પાલિકાની તમામ કચેરીઓમાં થયેલ નોંધ/નોટીંગ રીપોર્ટની નકલની વિગેરે બાબતે વિવિધ માહિતીની માંગણી કરેલ. જે અન્વયે અત્રેના ઈન્કવાયરી વિભાગનો રેકર્ડ તપાસતા મજકુર અરજદારે ઉપર ઉલ્લેખ કરેલ અરજીઓ પૈકી મ્યુ.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને લખેલ તા.૭/૮/૧૪ ના રોજના પત્રની નકલ અત્રેના ઈન્કવાયરી ખાતાને મળેલ. જે અરજીમાં અરજદારે કરેલ રજૂઆત મુજબ એડી.સીટી ઈજનેરશ્રી જે. કે. શાહ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવા અંગે સક્ષમ સત્તાધિકારી ધ્વારા ખાતાકીય તપાસ કરવા બાબતે કોઈ આદેશ ન હોય, પત્રમાં કરવામાં આવેલ અરજદારની રજુઆત–ફરીયાદ**ની હકીકતોની યથાર્થતા તેમજ સાચાપણાં અંગે સૌપ્રથમ પ્રાથમિક તપાસ કરવાની કાર્યવાહી વીજીલન્સ વિભાગે કરવાની રહેતી હોય, તે અંગે આગળની કાર્યવાહી અર્થે સદર પત્ર ઉપર ખાતાકીય તપાસ અધિકારીશ્રીના શેરા અન્વયે જાવક નં.જીએડી/ઈએસટી/આઈ/૩૮૪ તા.૧૨/૦૮/૨૦૧૪ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફીસરશ્રીને મોકલવામાં આવેલ હતી.** જે અન્વયે અરજદારે તેમની અરજીથી માંગેલ માહિતી અન્વયે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૫૦, તા.૩૦/૬/૧૫ થી અરજદારને મુદ્દાસર જવાબ આપવામાં આવેલ.

અરજદારે હાલની પ્રથમ અપીલના કારણમાં જણાવેલ છે કે, અમો ધ્વારા મા.કમિશ્નરશ્રી સમક્ષ કરેલ રજુઆત જે કમિશનરશ્રી કચેરીમાં ઈન્વર્ડ નં.ડી/૩૫૭ તા.૦૯/૦૪/૧૫ થી યોગ્ય કાર્યવાહી માટે સદર વિભાગને મળેલ હોવા છતાં સદર વિભાગના અધિકારીઓ કરવાની થતી કોઈ જ કાર્યવાહી કરેલ ન હોવાનું અને માહિતી છુપાવી રહયા હોવાનું જણાવી તેઓએ માંગેલ મુદ્દા નં.૧ થી ૬ ની સંપુર્ણ માહિતી છુપાવી હોવાના કારણોની માંગણી કરેલ છે. તે સંદર્ભે જણાવવાનું કે, સદર **તા.૦૯/૪/૧૫ ની અરજીથી અરજદારે વીજીલન્સ ઓફીસર ભદ્રેશ જે. શેઠ તેમજ ખાતાકીય તપાસ અધિકારી મનહર ડી. સોલંકી વિરૂધ્ધ ખાતાકીય તપાસ સહીતની કાર્યવાહી કરવા મુખ્યત્વે રજુઆત કરેલ હતી. જે રજુઆતની ઝેરોક્ષ નકલ કમિશ્નરશ્રીની કચેરીમાંથી અત્રેના ખાતાને મળેલ.** પરંતુ અરજદારની નમુના–ક ની મુળ અરજીથી તેઓએ શ્રી જે. કે. શાહ વિરૂધ્ધ કાર્યવાહી કરવા અંગેના વિષય હેઠળ કરેલ રજુઆતોના સંદર્ભમાં માહિતીની માંગણી કરેલ હોય, સદર તા.૦૯/૪/૧૫ ની **વીજીલન્સ ઓફીસર ભદ્રેશ જે. શેઠ તેમજ ખાતાકીય તપાસ અધિકારી મનહર ડી. સોલંકી વિરૂધ્ધ** ખાતાકીય તપાસ કરવા અંગેની રજુઆત અંગે અરજદારને જવાબ આપવાનો પ્રશ્ન નહતો. વળી, તેમ છતાં તેવી **વીજીલન્સ ઓફીસર ભદ્રેશ જે. શેઠ તેમજ ખાતાકીય તપાસ અધિકારી મનહર ડી. સોલંકી વિરૂધ્ધ** કરતી રજુઆતની અત્રે ઈન્કવાયરી ખાતામાં મળેલ ઝેરોક્ષ નકલ ઉપર પણ મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા અરજદારની રજુઆત અન્વયે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવા બાબતના કોઈ આદેશ આપવામાં આવેલ નહી. જેથી તેવી અરજી ઉપર પણ અરજદારની રજુઆત મુજબ અત્રેથી કાર્યવાહી કરવાનો કે તેવી કાર્યવાહી ન કરવા અંગે અરજદારને જાણ કરવાનો કોઈ પ્રશ્ન જ નહતો.

આમ, અરજદારે તેમની નમુના–ક ની અરજીમાં તેઓએ શ્રી જે. કે. શાહ વિરૂધ્ધ કાર્યવાહી કરવાના વિષય હેઠળ જે અરજીઓ કરેલ તેવી અરજીઓ ઉપર આગળ કાર્યવાહી કરવા અંગે સમક્ષ સત્તાના કોઈ આદેશો અત્રેના ઈન્કવાયરી ખાતાને મળેલા ન હોય, અરજદારની તેવી શ્રી જે. કે. શાહ વિરૂધ્ધ કરવામાં આવેલી અરજી ઉપર આદેશ વિના ન થયેલી કાર્યવાહી અંગે અરજીમાં તે અનુસંધાને માંગેલ માહિતીનો જવાબ આપવાનો કે ન થયેલ કાર્યવાહીની માહિતી અરજદારથી છુપાવવાનો કોઈ પ્રશ્ન ન હતો. વળી, અરજદારે હાલની અપીલમાં જે તા.૦૯/૪/૧૫ ની રજુઆત અત્રે મળેલ હોવા છતાં કાર્યવાહી અત્રેના અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરેલ ન હોવાનું જે અપીલમાં કારણ જણાવેલ છે. તેમાં પણ ઉપર જણાવ્યા મુજબ તેવી અરજીની અત્રેના ખાતાને મળેલ ઝેરોક્ષ નકલ ઉપર પણ સમક્ષ સત્તાના કોઈ આદેશો અત્રેના ઈન્કવાયરી ખાતાને મળેલા ન હોય, અરજદારના અપીલમાં જણાવ્યા મુજબ કાર્યવાહી કરવાનો કોઈ પ્રશ્ન જ નહતો. જેથી આદેશ વિના કોઈ કાર્યવાહી અત્રેના ખાતાએ ન કરેલ હોવા માત્રથી અરજદારને હાલની અપીલમાં જણાવ્યા મુજબનું કોઈ જ કારણ ઉત્પન્ન થયેલ નથી. વળી, અપીલ કરવા માટે અપીલમાં ફકત કારણો લખી દેવાથી અપીલ કરવાના કારણો પુરવાર થતા નથી. અપીલ કરવાના સચોટ કારણો પુરવાર કરવાની જવાબદારી અપીલ કરનારને શીર છે. હાલની અપીલમાં અરજદારે અપીલના જે કારણો દર્શાવેલા છે તેવા કારણો પુરવાર કરવા માટે અરજદારે અપીલ સાથે કોઈ આધાર–પુરાવા રજૂ કરેલા નથી કે તે અંગેની કોઈ તર્કસંગત રજૂઆતો અપીલમાં દર્શાવી નથી. અરજદારે હાલની અપીલમાં જણાવ્યા મુજબ જો તેઓની રજુઆત મુજબની કાર્યવાહી જો કોઈ સંજોગોમાં થયેલ ન હોય તો અરજદાર તે અંગે તેઓ સક્ષમ અધિકારીને અલાયદી રજુઆત કરી શકે છે. પરંતુ સક્ષમ અધિકારીના આદેશ વિના તેવી રજુઆત ઉપર ન થયેલ કાર્યવાહીની આર.ટી.આઈ. હેઠળની અરજી ધ્વારા ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી મળી ગયેલ હોય, તેવી માહિતી મળ્યા બાદ તે વિરૂધ્ધ આર.ટી.આઈ. અધિનિયમ અન્વયે પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.

સબબ, અરજદારને તેઓની નમુના–ક ની અરજી અન્વયે અત્રેથી આપવામાં આવેલ જવાબ યોગ્ય અને મુદ્દાસરનો છે. અરજદારે હાલની અપીલ તેઓને માહિતી મળ્યા બાદ ફરીયાદ સ્વરૂપની કરેલ હોય, આર.ટી.આઈ. હેઠળ અપીલ કરવાનું અરજદારને કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી અને અપીલમાં જણાવેલા કારણો પણ પ્રથમદર્શનીય રીતે પુરવાર થતા ન હોય, અરજદારની ટકી શકતી નથી. વળી, અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી વિરૂધ્ધ ભાષાકીય મર્યાદાનું ઉલ્લંઘન કરી આધાર વિહોણા, મનઘડંત કથનો કરેલા છે. અરજદારે જાહેર માહિતી અધિકારી વિરૂધ્ધના ઉપજાવી કાઢેલા કથનો પુરવાર કરવા તેના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા નથી. અરજદારે પોતે આર.ટી.આઈ. કાર્યકર હોવાનો ખોટો ડોળ કરીને આધાર–પુરાવા વિના જાહેર માહિતી અધિકારી વિરૂધ્ધ પાઠાફેર કથનો કરેલા છે અને તે સંજોગોમાં પણ અરજદારે ખોટી રીતે અપીલ કરેલ હોય તેઓ અપીલમાં માંગેલ કોઈપણ દાદ મેળવવા હકકદાર નથી, તેમ જાહેર કરી અરજદારને ભાષાકીય મર્યાદાનું ઉલ્લંઘન ન કરવા કડક શબ્દોમાં તાકીદ કરવા અને તેઓની હાલની ખોટી અપીલ દફતરે કરવાનો હુકમ કરવાની જરૂર છે.

## *સુનાવણીની વિગતોઃ–*

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણ, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ પરની હકીકત જોતા પ્રથમદર્શનીય રીતે જ અરજદારને હાલની અપીલ કરવાનું કોઈ સચોટ કારણ જણાયેલ ન હોય, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટે અરજી આઈ.ડી.નં.૬૯૯ તા.૨૫/૬/૧૫ થી તેઓએ લિંબાયતઝોનના એડી.સીટી ઈજનેર જે. કે. શાહ વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટે નમુના–ક ની મુળ અરજીમાં જણાવેલ વિગતેની કરેલ અરજીઓ સંદર્ભે થયેલ કાર્યવાહી પત્રવ્યવહાર અને સુ.મ.ન.પાલિકાની તમામ કચેરીઓમાં થયેલ નોંધ/નોટીંગ રીપોર્ટની નકલની વિગેરે બાબતે તેઓની નમુના–ક ની અરજીમાં મુદ્દા નં.૧ થી ૬ માં જણાવ્યા મુજબની માહિતીની માંગણી કરેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૫૦, તા.૩૦/૦૬/૨૦૧૫ થી અરજદારની અરજીના મુદ્દાવાઈઝ જવાબ આપેલ છે. જે જવાબની વિગતો જોતા જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની અરજીમાં જણાવ્યા મુજબ શ્રી જે. કે. શાહ વિરૂધ્ધ કાર્યવાહી કરવાના મથાળા હેઠળ કરેલ અરજીઓ પૈકી મ્યુ.કમિશનરશ્રીને ઉદ્દેશીને લખેલ તા.૭/૮/૧૪ ના રોજના પત્રની નકલ ઈન્કવાયરી ખાતાને મળેલ. જે અરજી ઉપર એડી.સીટી ઈજનેરશ્રી જે. કે. શાહ વિરૂધ્ધ કાર્યવાહી કરવા અંગે સક્ષમ સત્તાધિકારી ધ્વારા કોઈ આદેશ ન હોય, પત્રમાં કરવામાં આવેલ અરજદારની રજુઆત–ફરીયાદની હકીકતોની યથાર્થતા તેમજ સાચાપણાં અંગે પ્રાથમિક તપાસ કરવા જાવક નં.જીએડી/ઈએસટી/આઈ/૩૮૪ તા.૧૨/૦૮/૨૦૧૪ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફીસરશ્રીને મોકલવામાં આવેલ તેવો રેકર્ડ આધારીત હકીકત મુજબનો જવાબ જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ.

અરજદારે હાલની અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી)એ તેઓની રજુઆતો પૈકી તા.૦૯/૪/૧૫ ની રજુઆત ઈન્કવાયરી ખાતામાં મળેલ હોવા છતાં અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરેલ ન હોવાનું અપીલમાં કારણ જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ તેમજ સદર તા.૦૯/૪/૧૫ ની અરજદારની રજુઆત જોતા તે અરજી અરજદારે વીજીલન્સ ઓફીસર ભદ્રેશ જે. શેઠ તેમજ ખાતાકીય તપાસ અધિકારી મનહર ડી. સોલંકી વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવા બાબતના મથાળા હેઠળ રજુઆત કરેલ હોય, પરંતુ અરજદારે શ્રી જે. કે. શાહ વિરૂધ્ધ કરેલ અરજીઓ અંગે આર.ટી.આઈ. હેઠળ માહિતી માંગતી કરેલ અરજીના અનુસંધાને તે વિષય હેઠળની ઈન્કવાયરી ખાતાને મળેલ અરજી અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને જવાબ આપેલ છે. જેથી તે વિષય વિરૂધ્ધની અરજદારે વીજીલન્સ ઓફીસર ભદ્રેશ જે. શેઠ તેમજ ખાતાકીય તપાસ અધિકારી મનહર ડી. સોલંકી વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવા બાબતના મથાળા હેઠળ કરેલ રજુઆત અંગે જાહેર માહિતી અધિકારીએ જવાબ આપેલ ન હોવાનું માનવાને કારણ છે. વળી, તેવી અરજીની ઈન્કવાયરી ખાતાને મળેલ ઝેરોક્ષ નકલ ઉપર પણ સમક્ષ સત્તાના કોઈ આદેશો ન હોય, અરજદારની રજુઆતમાં જણાવ્યા મુજબની કાર્યવાહી ઈન્કવાયરી ખાતાના અધિકારીઓએ કરવાની રહેતી ન હતી. જેથી તે અંગે અરજદારને રેકર્ડ આધારીત માહિતી મળી ગયેલ હોય, તે અંગે અરજદારને હાલની આર.ટી.આઈ. હેઠળ ફરીયાદ સ્વરૂપની અપીલ કરવાનું કોઈ કારણ જણાતું નથી.

વળી, આ અગાઉ પણ અરજદારે સરખા પ્રકારની આર.ટી.આઈ. હેઠળની કરેલ અરજીનો તેઓને અત્રેના જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ જવાબના અનુસંધાને તેઓની રજુઆતોમાં જણાવ્યા મુજબની ખાતાકીય તપાસની કાર્યવાહી ઈન્કવાયરી ખાતાના અધિકારીઓએ ન કરેલ હોવાના કારણો દર્શાવી કરેલ તા.૩૧/૦૩/૧૫ ની અપીલ નં.INQ/FAP/૭/૨૦૧૪–૧૫, તા.૨૮/૦૭/૧૫ ની અપીલ નં.INQ/FAP/૦૫/૨૦૧૫–૧૬ ના અનુસંધાને કરવામાં આવેલા હુકમોમાં પણ અરજદારને સ્પષ્ટ રીતે સમજાય તે રીતે વિશ્લેષણમાં જાહેર માહિતી અધિકારીના પૂર્તતા અહેવાલની વિગતો આપી જણાવવામાં આવેલ કે, કોઈપણ ઈસમ તરફથી સુમપાના કર્મચારી સામે ખાતાકીય તપાસ કરવા માટે ફકત અરજી કરવા માત્રથી કોઈપણ કર્મચારી સામે સીધેસીધી ખાતાકીય તપાસની કાર્યવાહી શરૂ કરી શકાતી નથી. આ પ્રકારની ફરીયાદની હકીકતોની યથાર્થતા તેમજ સાચાપણાં અંગે સૌપ્રથમ તો આવેલ ફરીયાદ/રજુઆતના અનુસંધાને પ્રાથમિક તપાસ કરવાની રહે છે અને તેવી પ્રાથમિક તપાસમાં ફરીયાદની હકીકતો સાચી જણાય તો તે અંગે જે તે જવાબદારો સામે પગલા ભરવા કે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવા અંગે સક્ષમ સત્તાધિકારી ધ્વારા સ્પષ્ટ લેખિત આદેશો થયા બાદ જ ખાતાકીય તપાસની કાર્યવાહી કરવાની રહે છે. આમ, તેવા હુકમોમાં પણ અરજદારને ઈન્કવાયરી ખાતાની કચેરી કાર્યપધ્ધતી વિશે સ્પષ્ટ સમજણ આપ્યા હોવા છતાં અને તેવા હુકમો હાલની પ્રથમ અપીલ દાખલ કરતા પહેલા અરજદારને મળેલા હોવા છતાં, અરજદારે ઈન્કવાયરી ખાતાના અધિકારીઓએ તેઓની અરજી ઉપર જાણી જોઈને સીધી કોઈ કાર્યવાહી કરી ન હોવાની ફરીયાદ કરવા સબબની રજુઆત કરી તે મુજબનું કારણ જણાવી હાલની પ્રથમ અપીલ કરેલ છે. અરજદારને તેઓની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી અનુસંધાને તેઓની રજુઆતો ઉપર ઈન્કવાયરી ખાતામાંથી શું કાર્યવાહી થઈ તે અંગે રેકર્ડ મુજબનો જવાબ આપવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદારે કરેલ રજુઆત મુજબની જો કોઈ કાર્યવાહી ન થયેલ હોય તો તે અંગે આર.ટી.આઈ.ની અરજી અન્વયે માહિતી મળ્યા બાદ તે અંગે તેમણે તેવી કાર્યવાહી ન થવા બાબતેની જે તે સમક્ષ અધિકારીને અલાયદી રજુઆત કરવાની રહે છે નહી કે આર.ટી.આઈ. હેઠળ પ્રથમ અપીલ કરીને.

આમ, ઉપરોકત વિગતે અરજદારે હાલની અપીલ જે નમુના–ક ની અરજી ઉપર કરેલ છે તે નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી તેઓની રજુઆત ઉપર થયેલ કાર્યવાહીનો રેકર્ડ આધારિત યોગ્ય જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાતું હોય, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના ઉકત જવાબ સામે ફરીયાદ કરવા બાબતનું કારણ દર્શાવી અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાતું નથી. જેથી નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારે કરેલ અપીલમાં જણાવેલ કારણસર ઉપર તારણમાં કરેલ સ્પષ્ટતા મુજબ, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના જવાબ વિરૂધ્ધ અપીલમાં જણાવ્યા મુજબનું અપીલ કરવાનું કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૪૫૮
તા.૧૧/૦૯/૨૦૧૫

**પ્રતિ,**

(૧) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૮, ૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી અરૂણ એસ. પાઠક**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– શ્રી અરૂણ એસ. પાઠકની અરજી આઈ.ડી. નં.૨૬૪, તા.૨૨/૦૭/૨૦૧૫ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૯૬, તા.૧૩/૦૮/૨૦૧૫ થી અરજીના મુદ્દા નં.૧૪ અન્વયે આપવામાં આવેલ જવાબ વિરૂધ્ધ તા.૧/૧૦/૨૦૧૫ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) તરફથી આપવામાં આવેલ માહિતી અધૂરી હોય, અને રેકર્ડ આધારિત સંપુર્ણ પુરી પાડેલ ન હોય તેમ કારણ જણાવી હાલની પ્રથમ અપીલ તા.૦૧/૧૦/૧૫ ના રોજ કરેલ છે. જે અપીલ અત્રે **તા.૦૩/૧૦/૧૫** ના રોજ મળેલ છે. આ અપીલ અત્રેના રજીસ્ટરે નં.INQ/FAP/૦૮/૨૦૧૫–૧૬ થી દાખલ કરેલ છે. અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ તા.૧૬/૧૦/૨૦૧૫ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ</u>–*

અરજદાર શ્રી અરૂણ એસ. પાઠકની અરજી આઈ.ડી. નં.૨૬૪, તા.૨૨/૦૭/૨૦૧૫ થી માંગવામાં આવેલ માહિતી પૈકી અંશતઃ માહિતીની પૂર્તતા કરવા માટે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી/આરટીઆઈ/૨૬૪, તા.૨૪/૦૭/૨૦૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૨૮/૦૭/૧૫ ના રોજ મળેલ. અરજદાર ધ્વારા તેઓની અરજીથી પૂર્વઝોન, વરાછામાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી ડી.સી.ભગવાગર બાબતે વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ. જે પૈકી અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં.૧૪ થી "સુરત મહાનગરપાલિકાના ઈન્કવાયરી વિભાગ ધ્વારા પૂર્વઝોન, વરાછામાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી ડી.સી.ભગવાગર વિરૂધ્ધ ભરતી થયેથી આજ દિન સુધી કરેલ ખાતાકીય કાર્યવાહી તથા ઈન્કવાયરી બાબતેની તમામ નોંધોની સંપુર્ણ એટેસ્ટેડ નકલો સહિત વિગતવાર માહિતી" ની માંગણી કરેલ. અરજદારશ્રીની માંગણી અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ મુજબ શ્રી ડી. સી. ભગવાગર વિરૂધ્ધ ઈન્કવાયરી ખાતામાંથી કરવામાં આવેલ ખાતાકીય કાર્યવાહી તેમજ ઈન્કવાયરી બાબતેની આપવાજોગ માહિતીના પાના નંગ–૨૭ થતા હોય, જેના નકલ ફી ના પાના નંગ–૨૭ ના રૂા.૨/– લેખે રૂા.૫૪/– અંકે રૂપિયા ચોપ્પન પુરા સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવા અરજદારને તા.૩/૭/૧૫ ના રોજ નં.જીએડી/ઈએસટી/આઈ/૩૬૦ થી પત્ર લખવામાં આવેલ. જે અન્વયે અરજદારે નકલ ફી ના નાણાં સેન્ટ્રલઝોન સીવીક સેન્ટરમાં જમા કરાવતા, સેન્ટ્રલઝોન સીવીલ સેન્ટર તરફથી અત્રેના ખાતાને તા.૧૧/૮/૧૫ ના રોજ જાણ કરતા, અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૯૬ તા.૧૩/૮/૧૫ થી આપવાજોગ માહિતીના પાના નંગ–૨૭ મોકલવામાં આવેલા.

અરજદારે હાલની પ્રથમ અપીલમાં જાણે તેઓને આપવામાં આવેલ માહિતી અધૂરી અને રેકર્ડ આધારિત સંપુર્ણ પુરી પાડેલ ન હોય તેમ કારણ જણાવેલ છે. પરંતુ માહિતી કઈ રીતે અધૂરી કે રેકર્ડ આધારિત સંપુર્ણ પુરી પાડેલ નથી તેની કોઈ સ્પષ્ટતા કે ખુલાસો અરજદારે અપીલમાં કરેલો નથી. અરજદારે અપીલ કરવાનું જે કારણ જણાવેલ હોય તે કારણ પુરવાર કરવા અરજદારે લેખિત આધાર–પુરાવા કે સ્પષ્ટતા કરવાની હોય છે. ફકત અપીલ કરવાનું કારણ અપીલમાં જણાવી દેવાની અપીલ પુરવાર થતી નથી. અરજદારની માંગણી અન્વયે વરાછામાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી ડી.સી.ભગવાગર વિરૂધ્ધ અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી જે કોઈ શિક્ષાત્મક કાર્યવાહી / ખાતાકીય તપાસની કાર્યવાહી કરવામાં આવેલી તેની માહિતીની આપવાજોગ પુરેપુરી પાના–૨૭ ની નકલો અરજદારને પુરી પાડવામાં આવેલી છે. જે પૈકીની કોઈ માહિતી અરજદારથી છુપાવી નથી કે નકલ ફી વસુલ મેળવ્યા બાદ અધુરી માહિતી આપેલ નથી. સબબ, અરજદારને તેઓની નમુના–ક ની અરજી અન્વયે અત્રેથી આપવામાં આવેલ જવાબ/માહિતી વિરૂધ્ધ હાલની અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી.

## *સુનાવણીની વિગતોઃ–*

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણ, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *<u>અપીલ અધિકારીનું તારણઃ</u>–*

અરજદારે તેઓની નમુના–ક ની મુળ અરજી આઈ.ડી. નં.૨૬૪, તા.૨૨/૦૭/૨૦૧૫ થી પૂર્વઝોન, વરાછામાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી ડી.સી.ભગવાગર બાબતે વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ. જે પૈકી ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં.૧૪ થી "સુરત મહાનગરપાલિકાના ઈન્કવાયરી વિભાગ ધ્વારા પૂર્વઝોન, વરાછામાં

કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી ડી.સી.ભગવાગર વિરૂધ્ધ ભરતી થયેથી આજ દિન સુધી કરેલ ખાતાકીય કાર્યવાહી તથા ઈન્કવાયરી બાબતેની તમામ નોંધોની સંપુર્ણ એટેસ્ટેડ નકલો સહિત વિગતવાર માહિતી" ની માંગણી કરેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(ઈન્કવાયરી) એ ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ શ્રી ડી. સી. ભગવાગર વિરૂધ્ધ ઈન્કવાયરી ખાતામાંથી કરવામાં આવેલ ખાતાકીય કાર્યવાહી તેમજ ઈન્કવાયરી બાબતેની કાર્યવાહીના આપવાજોગ પાના નંગ–૨૭, નકલ ફી ના રૂા.૫૪/– અંકે રૂપિયા ચોપ્પન પુરા વસુલ લઈ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૯૬ તા.૧૩/૮/૧૫ થી માહિતીના પાના નંગ–૨૭ આપેલ છે. જે અરજદારને મળી ગયેલા છે.

અરજદારે હાલની પ્રથમ અપીલમાં એવું કારણ જણાવેલ છે કે, તેઓને આપવામાં આવેલ માહિતી અધૂરી અને રેકર્ડ આધારિત સંપુર્ણ પુરી પાડેલ નથી. પરંતુ તેમ કારણ જણાવવાની સાથે અરજદારે અપીલમાં તેઓને મળેલ માહિતી કઈ રીતે અધૂરી કે રેકર્ડ આધારિત સંપુર્ણ પુરી પાડેલ નથી તેની કોઈ સ્પષ્ટતા કે ખુલાસો અપીલમાં કરેલો જણાતો નથી. વળી, જાહેર માહિતી અધિકારીએ અપીલના અનુસંધાને રજૂ કરેલ પૂર્તતા અહેવાલ તેમજ અરજદારને આપેલ માહિતીની વિગતો જોતા, જાહેર માહિતી અધિકારીએ અરજદારની માંગણી મુજબ ઈન્કવાયરી ખાતાના રેકર્ડ પર શ્રી ડી. સી. ભગવાગર વિરૂધ્ધ કરવામાં આવેલ ખાતાકીય કાર્યવાહી તેમજ ઈન્કવાયરી બાબતેની કાર્યવાહીનો જે રેકર્ડ કાયદાની મર્યાદામાં રહીને આપવાજોગ હતો તેવા રેકર્ડ/માહિતીની નકલો અરજદારને આપેલ છે. આમ, જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ રેકર્ડ મુજબ શ્રી ડી. સી. ભગવાગર વિરૂધ્ધ ઈન્કવાયરી ખાતામાંથી જે કોઈ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલી તેની માહિતીના પાના અરજદારને આપેલ જ હોય, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને કોઈ માહિતી અરજદારથી છુપાવવાનો કોઈ પ્રશ્ન જણાતો નથી. વળી, અરજદારે પણ હાલની અપીલમાં ફકત માહિતી અધુરી અને રેકર્ડ આધારિત સંપુર્ણ પુરી પાડેલ નથી હોવાનું કારણ જણાવેલ છે, પરંતુ તેઓને મળેલ માહિતી કઈ રીતે અધુરી કે રેકર્ડ આધારિત નથી તેની કોઈ સ્પષ્ટતા અપીલમાં કરેલ નથી. અરજદારે અપીલમાં જણાવેલા કારણસર જરૂરી સ્પષ્ટતા, આધાર–પુરાવો જો કોઈ તેઓ પાસે હોત તો અપીલ સાથે રજૂ કરવો જરૂરી હતો. વળી, તેવા આધાર–પુરાવા પાછળથી રજૂ કરવા માટેની પણ કોઈ તૈયારી અરજદારે અપીલમાં દર્શાવેલ નથી. સબબ, અરજદારે ફકત અપીલ કરવા ખાતર જ માહિતી અધુરી અને રેકર્ડ આધારિત સંપુર્ણ પુરી પાડેલ નથી હોવાનું કારણ જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગત તેમજ શ્રી ડી. સી. ભગવાગર વિરૂધ્ધ કરવામાં આવેલ કાર્યવાહીની વિગત જોતા અરજદારને હાલની અપીલમાં જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થતુ જણાતું નથી. આમ, અરજદારને તેઓની માંગણી મુજબ જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી ડી. સી. ભગવાગર વિરૂધ્ધ ઈન્કવાયરી ખાતામાંથી થયેલ કાર્યવાહીનો આપવામાં આવેલ રેકર્ડ/માહિતી યોગ્ય જણાતી હોય, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના ઉકત જવાબ સામે હાલની અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાતું નથી. જેથી નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: *હુકમ* :–**

અરજદારે કરેલ અપીલમાં જણાવેલ કારણસર ઉપર તારણમાં કરેલ સ્પષ્ટતા મુજબ, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના જવાબ વિરૂધ્ધ અપીલમાં જણાવ્યા મુજબનું અપીલ કરવાનું કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૨૨
તા.૨૦/૧૦/૨૦૧૫

**પ્રતિ,**

(૧) શ્રી અરૂણ એસ. પાઠક
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૦૯, ૨૦૧૫–૧૬**

| | | |
|---|---|---|
| **અરજદાર** | **:** | **શ્રી હિતેશ આર. વિશ્વકર્મા** |
| **સામાવાળા** | **:** | **સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.** |

## ફરીયાદની હકીકત :–

વિષયઃ– શ્રી હિતેશ આર. વિશ્વકર્માની માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે માહિતી માંગતી અરજી આઈ.ડી. નં.૧૧૪૪(સેન્ટ્રલઝોન) તા.૦૭–૦૮–૧૫ ના મુદ્દા નં.૧૧ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૦૭, તા.૨૪/૦૯/૨૦૧૫ થી આપવામાં આવેલ જવાબ વિરૂધ્ધ તા.૧/૧૦/૨૦૧૫ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## અપીલના મુદ્દા :–

અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઇન્કવાયરી) તરફથી આપવામાં આવેલ જવાબ નિયત સમયગાળા બાદ માંગેલ માહિતી અંગે ગેરમાર્ગે દોરતો જવાબ આપેલ હોવાનું કારણ જણાવી હાલની પ્રથમ અપીલ તા.૦૧/૧૦/૧૫ ના રોજ કરેલ છે. જે અપીલ અત્રે **તા.૦૩/૧૦/૧૫** ના રોજ મળેલ છે. આ અપીલ અત્રેના રજીસ્ટરે નં.**INQ/FAP**/૦૯/૨૦૧૫–૧૬ થી દાખલ કરેલ છે. અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ તા.૧૯/૧૦/૨૦૧૫ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–

શ્રી હિતેશ આર. વિશ્વકર્માની માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે માહિતી માંગતી અરજી આઈ.ડી. નં.૧૧૪૪(સેન્ટ્રલઝોન) તા.૦૭–૦૮–૧૫ ના મુદ્દા નં.૧૧ ની અંશતઃ માહિતી અત્રેના અધિકારક્ષેત્રમાં આવતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, નોર્થઝોન(કતારગામ) ના પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/ જાવક/૮૨૪, તા.૨૩/૦૯/૨૦૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૨૪/૯/૧૫ ના રોજ મળેલ. અરજદારે સદર અરજીથી નોર્થઝોનના હાઉસીંગ વિભાગના જુનીયર ઈજનેર શ્રી ટી. એલ.ગામીત બાબતે વિવિધ મુદ્દાથી માહિતીની માંગણી કરેલ. જે પૈકી મુદ્દા નં.૧૧ થી "સુરત મહાનગરપાલિકાના ઈન્કવાયરી વિભાગ ધ્વારા નોર્થઝોન, કતારગામના જુનીયર ઈજનેર તરીકે ફરજ બજાવતા ટી.એલ.ગામીત વિરૂધ્ધ ભરતી થયેથી આજ દિન સુધી કરેલ ખાતાકીય કાર્યવાહી તથા ઈન્કવાયરી બાબતેની તમામ નોંધોની સંપૂર્ણ એટેસ્ટેડ નકલો સહિતની વિગતવાર માહિતી" ની માંગણી કરેલ છે. જેથી અરજદારની માંગણી અન્વયે અત્રેના ઈન્કવાયરી વિભાગનો રેકર્ડ તપાસતા હાલ નોર્થઝોનમાં જુનીયર ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી ટી. એલ. ગામીત વિરૂધ્ધ અત્રેના ઈન્કવાયરી વિભાગમાંથી કોઈ ખાતાકીય કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું જણાયેલ નથી. જેથી અરજદારની માંગણી મુજબની કોઈ માહિતી અત્રેના ઈન્કવાયરી ખાતાના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય, તે મુજબ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૦૭ તા.૨૪/૯/૧૫ થી જવાબ પાઠવવામાં આવેલ.

અરજદારે હાલની પ્રથમ અપીલમાં જવાબ નિયત સમયગાળા બાદ આપેલ હોય અને ગેરમાર્ગે દોરતો ખોટો જવાબ આપેલ હોય તેમ કારણ જણાવેલ છે. તે અંગે જણાવવાનું કે, અરજદારે સદર અરજી પ્રથમ તા.૭/૮/૧૫ ના રોજ સેન્ટ્રલઝોન ખાતે રજૂ કરેલ હતી. જે મુજબ તા.૫/૯/૧૫ સુધીમાં અરજદારને તેમની અરજીના અનુસંધાને જવાબ પાઠવવાનો રહે છે. પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે અરજદારની અરજી જ મુદત પુરી થયા બાદ લાંબા સમય પછી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, નોર્થઝોન(કતારગામ) ના પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૮૨૪, તા.૨૩/૦૯/૨૦૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૨૪/૯/૧૫ ના રોજ મળેલ અને તે અરજી મળતા તાત્કાલીક તે જ દિવસે અરજદારને અત્રેના રેકર્ડ મુજબનો જવાબ પાઠવવામાં આવેલ. આમ, અરજદારની અરજી મુદત પુરી થયા બાદ અત્રેના ખાતાને સૌપ્રથમવાર મળેલ હોય અને તે મળ્યા બાદ તુરંત જ તે જ દિવસે અરજદારને જવાબ પાઠવવામાં આવેલ હોય, નિયત સમયગાળા બાદ જવાબ આપવા અંગે અત્રેની કચેરીની કોઈ કસુર નથી. વળી, અત્રેના રેકર્ડ મુજબ જુનીયર ઈજનેર શ્રી ટી. એલ. ગામીત વિરૂધ્ધ અત્રેના ઈન્કવાયરી વિભાગમાંથી કોઈ ખાતાકીય કાર્યવાહી કરવામાં આવેલ ન હોય, અરજદારની માંગણી મુજબની માહિતી જ અત્રેના રેકર્ડ ઉપર ન હોવાથી અરજદારને તે મુજબ આપવામાં આવેલ જવાબ ખોટો કે ગેરમાર્ગે દોરવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદારે તેમની અપીલના કારણના આધારમાં અત્રેનો જવાબ કઈ રીતે ખોટો કે ગેરમાર્ગે દોરતો છે તે પુરવાર કરવા અંગેનો કોઈ દસ્તાવેજી આધાર કે પુરાવો અપીલ સાથે રજૂ કરેલો નથી. અરજદારે અપીલ કરવાનું જે કારણ જણાવેલ હોય તે કારણ પુરવાર કરવાની જવાબદારી અરજદારના શીર છે. ફકત અપીલ કરવાનું કારણ અપીલમાં જણાવી દેવાથી અપીલ પુરવાર થતી નથી. અરજદારની માંગણી અન્વયે જુનીયર ઈજનેર શ્રી ટી. એલ. ગામીત વિરૂધ્ધ અત્રેના ઈન્કવાયરી વિભાગમાંથી કોઈ ખાતાકીય કાર્યવાહી કરવામાં આવેલ ન હોય અને તેથી તે મુજબનો રેકર્ડ જ ન હોય, તે મુજબ અરજદારને આપવામાં આવેલ જવાબ વિરૂધ્ધ અરજદારને હાલની અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. વળી, અરજદારે તેમની અપીલમાં રેકર્ડ ઈન્સ્પેકશનની તક પૂરી પાડવા રજુઆત કરેલ છે. અરજદારે મુળ અરજીમાં શ્રી ટી.એલ.ગામીત વિરૂધ્ધ ભરતી થયેથી આજદિન સુધીની માહિતીની માંગણી કરેલ છે. અત્રેની જાણકારી મુજબ શ્રી ટી. એલ. ગામીત સને–૧૯૯૭ થી સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવે છે. તેથી જો અરજદારને રેકર્ડનું ઈન્સ્પેકશન આપવાનુ થાય તો સને–૧૯૯૭ થી અરજદારની અરજીની તારીખ સુધીનું આપવાનું થાય. સને–૧૯૯૭ થી અરજદારની અરજીની તારીખ સુધીમાં અત્રેના ખાતામાંથી જુદા જુદા કર્મચારીઓની થયેલ શિક્ષાત્મક કાર્યવાહીની અંદાજે ૯૫૦ ફાઈલોનો રેકર્ડ છે. જે તમામ રેકર્ડનું ઈન્સ્પેકશન અરજદારને આપવાનું શકય નથી. જેથી અરજદાર પાસે અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી શ્રી ટી. એલ. ગામીત વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી હોવાનો કોઈ સબળ પુરાવો હોય તો તે સમયગાળા દરમ્યાનનો રેકર્ડનું અરજદારને નિયમાનુંસાર ઈન્સ્પેકશન આપી શકાય, તે સિવાય અરજદારને બહોળા રેકર્ડનું ઈન્સ્પેકશન આપવાનો કોઈ પ્રશ્ન નથી.

## *સુનાવણીની વિગતોઃ–*

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણ, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ તેમજ ઈન્કવાયરી ખાતાનો રેકર્ડ જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

અરજદારે તેઓની નમુના–ક ની મુળ અરજી આઈ.ડી. નં.૧૧૪૪(સેન્ટ્રલઝોન) તા.૦૭–૦૮–૧૫ થી નોર્થઝોનના હાઉસીંગ વિભાગના જુનીયર ઈજનેર શ્રી ટી. એલ.ગામીત બાબતે વિવિધ મુદ્દાથી માહિતીની માંગણી કરેલ. જે પૈકી મુદ્દા નં.૧૧ થી "સુરત મહાનગરપાલિકાના ઈન્કવાયરી વિભાગ ધ્વારા નોર્થઝોન, કતારગામના જુનીયર ઈજનેર તરીકે ફરજ બજાવતા ટી.એલ.ગામીત વિરૂધ્ધ ભરતી થયેથી આજ દિન સુધી કરેલ ખાતાકીય કાર્યવાહી તથા ઈન્કવાયરી બાબતેની તમામ નોંધોની સંપૂર્ણ એટેસ્ટેડ નકલો સહિતની વિગતવાર માહિતી" ની માંગણી કરેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(ઈન્કવાયરી) એ ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ નોર્થઝોનમાં જુનીયર ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી ટી. એલ. ગામીત વિરૂધ્ધ ઈન્કવાયરી વિભાગમાંથી કોઈ ખાતાકીય કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું ન જણાતા અરજદારની માંગણી મુજબની કોઈ માહિતી ઈન્કવાયરી ખાતાના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તે મુજબનો જવાબ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૦૭ તા.૨૪/૯/૧૫ થી આપેલ.

અરજદારે હાલની પ્રથમ અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ આપેલ જવાબ નિયત સમયગાળા બાદ અને ગેરમાર્ગે દોરતો ખોટો જવાબ આપેલ હોય તેમ કારણ જણાવેલ છે. તે અંગે જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પૂર્તતા અહેવાલ જોતા અરજદારની અરજી પ્રથમ તા.૭/૮/૧૫ ના રોજ રજૂ કરેલ હતી. જે મુજબ તા.૫/૯/૧૫ સુધીમાં અરજદારને તેમની અરજીના અનુસંધાને જવાબ પાઠવવાનો રહેતો હતો. પરંતુ રેકર્ડ જોતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને અરજદારની અરજી તેની મુદત પુરી થયા બાદ લાંબા સમય પછી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, નોર્થઝોન તરફથી તા.૨૪/૯/૧૫ ના રોજ મળેલ હોવાનું જણાય છે. વળી, તેવી અરજી મળતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) તરફથી તે જ દિવસે અરજદારને જવાબ પાઠવી દીધેલ છે. **જેથી રેકર્ડ જોતા અરજદારની અરજી મુદત પુરી થયા બાદ ઈન્કવાયરી ખાતાને મળેલ હોય, અરજીની મુદત વિતવાના નિયત સમયગાળા બાદ જવાબ આપવા અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએ ઈરાદા પૂર્વક કોઈ કસુર કરેલ જણાતી નથી. તદ્દઉપરાંત ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ જોતા અરજદારની માંગણી અન્વયે જુનીયર ઈજનેર શ્રી ટી. એલ. ગામીત વિરૂધ્ધ ઈન્કવાયરી વિભાગમાંથી કોઈ ખાતાકીય કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું જણાતું નથી.** જેથી પણ અરજદારને આપવામાં આવેલ જવાબ સાચો અને યોગ્ય જણાતો હોય, જવાબ ખોટો કે ગેરમાર્ગે દોરવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદારે તેમની અપીલના કારણના આધારમાં જાહેર માહિતી અધિકારીનો જવાબ ખોટો કે ગેરમાર્ગે દોરતો છે તે પુરવાર કરવા અંગેનો કોઈ દસ્તાવેજી આધાર કે પુરાવો અપીલ સાથે રજૂ કરેલા નથી. વળી, તેવો કોઈ પુરાવો અરજદાર પાસે હોય તો તે પાછળથી રજૂ કરવા માટેની પણ કોઈ તૈયારી અરજદારે અપીલમાં દર્શાવેલ નથી.

અરજદારે તેમની અપીલમાં રેકર્ડ ઈન્સ્પેકશનની તક પૂરી પાડવા રજુઆત કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીની પૂર્તતા જોતા, અરજદારની માંગણી મુજબ શ્રી ટી.એલ.ગામીતની નિમણુંક સને–૧૯૯૭ થી અરજીની તારીખ સુધીનો અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી થયેલ શિક્ષાત્મક કાર્યવાહીની અંદાજે ૯૫૦ ફાઈલોનો રેકર્ડ છે. જે તમામ રેકર્ડનું ઈન્સ્પેકશન અરજદારને આપવાનું શકય નથી. પરંતુ જો અરજદાર પાસે ઈન્કવાયરી ખાતામાંથી શ્રી ટી. એલ. ગામીત વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી હોવા અંગે કોઈ ચોકકસ સમયગાળાનો પુરાવો હોય તો તે સમયગાળા દરમ્યાનનો રેકર્ડનું અરજદારને આપી શકાય. સબબ, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના જવાબ સામે હાલની અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાતું ન હોય, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## *–: હુકમ :–*

**ઈન્કવાયરી ખાતાને અરજદારની અરજી નિયત સમયમર્યાદા બાદ મળેલ હોય, અરજદારને નિયત સમયગાળા બાદ જવાબ આપવામાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી)ની કસુર જણાતી નથી.** શ્રી ટી.એલ.ગામીત વિરૂધ્ધ ઈન્કવાયરી ખાતામાંથી કોઈ કાર્યવાહી થયેલ ન હોય, આપેલ જવાબ ગેરમાર્ગે દોરતો ખોટો હોવાનું પણ પુરવાર થતુ નથી. અરજદાર પાસે શ્રી ટી.એલ.ગામીત વિરૂધ્ધ ઈન્કવારી ખાતામાંથી કાર્યવાહી થયેલ હોવાનો પુરાવો હોય તો તે રજૂ કરી તે સમયગાળા પુરતા ઈન્કવાયરી ખાતાના રેકર્ડનું અધિનિયમની જોગવાઈ આધિન ઈન્સ્પેકશન કરી શકે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૩૨
તા.૨૬/૧૦/૨૦૧૫

**નકલ રવાના : પ્રતિ,**

(૧) શ્રી હિતેશ આર. વિશ્વકર્મા
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૧૦, ૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી ચંદ્રેશ જગદીશભાઈ પિપળીયા**

**વિરૂધ્ધ**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

વિષયઃ– અરજદાર શ્રી ચંદ્રેશ જગદીશભાઈ પિપળીયાએ તેઓની તા.૨૫/૦૮/૧૫ ના રોજની અરજી આઈ.ડી. નં.૧૩૨૭(સે.ઝોન)(કોમ્પ્યુટર જનરેટેડ આઈ.ડી.નં.૩૦૦૨૪૭૬૬) થી માંગેલ માહિતી અન્વયે તેઓને કોઈ નિર્ણય ન મળેલ હોવાનું કારણ જણાવી માન.કમિશનરશ્રીને અપીલ અધિકારી તરીકે દર્શાવી તા.૦૫/૧૦/૨૦૧૫ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે હાલની અપીલમાં તેઓને કોઈ નિર્ણય ન મળેલ હોવાનું કારણ જણાવી માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ મુજબ જે તે સંબંધિત અધિકારી સામે સખતમાં સખત દંડ(પેનલ્ટી) સ્વરૂપ સાથે માહિતી અપાવવા વિનંતી કરેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ તા.૧૯/૧૧/૨૦૧૫ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

***<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ</u>–***

અરજદાર શ્રી ચંદ્રેશ જગદીશભાઈ પિપળીયા તા.૨૫/૦૮/૧૫ ના રોજની નમુના–ક ની મુળ અરજી આઈ.ડી. નં.૧૩૨૭(સે.ઝોન)(કોમ્પ્યુટર જનરેટેડ આઈ.ડી.નં.૩૦૦૨૪૭૬૬), એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિદ્યા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૩૫, તા.૩૧/૮/૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. સદરહુ અરજીથી અરજદારે તા.૧૨/૦૮/૨૦૧૪ ના રોજ પાર્થ જે. લાખાણી ધ્વારા કતારગામ ઝોનમાં ગેરકાયદેસર બાંધકામ અંગેની કરવામાં આવેલ અરજી પર શું કાર્યવાહી કરવામાં આવી, તેનો શુ નિકાલ કરવામાં આવ્યો તેના અનુસંધાને મુદ્દા નં.૧ થી ૪ થી માહિતીની માંગણી કરેલ. જે અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ જોતા અરજદારે તેમની અરજીમાં જણાવેલ વિગતેની પાર્થ જે. લાખાણી ધ્વારા કતારગામ ઝોનમાં ગેરકાયદેસર બાંધકામ અંગે કરવામાં આવેલ અરજી અત્રેના ખાતાને મળેલ ન હોવાથી તે અન્વયેની કોઈ કાર્યવાહી અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી થયેલ ન હોય, અરજદારની માંગ્યા મુજબની માહિતી અત્રેના રેકર્ડ ઉપર ન હોય તે અન્વયે અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૮૦, તા.૧૬/૦૯/૨૦૧૫ થી જવાબ આપવામાં આવેલ. જે જવાબ અરજદારને અત્રેથી સાદી ટપાલ ધ્વારા પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે જવાબનું કવર અત્રેના ખાતાને પોસ્ટ ખાતા મારફત પરત મળેલ ન હોય, સદર જવાબ અરજદારને મળી ગયેલ હોવાનું અનુમાન થાય છે. સબબ, અરજદારની હાલની અપીલમાં જણાવ્યા મુજબ તેઓને કોઈ નિર્ણય ન મળેલ હોવાનું કારણ પુરવાર થતુ નથી. વળી, અરજદારે હાલની અપીલમાં માહિતી અધિકારી અધિનિયમ, ૨૦૦૫ મુજબ જે તે સંબંધિત અધિકારી સામે સખતમાં સખત દંડ(પેનલ્ટી) સ્વરૂપ સાથે માહિતી અપાવવા વિનંતી કરેલ છે. પરંતુ ઉપર જણાવ્યા મુજબ અરજદારે તેઓની મુળ અરજીમાં જે માહિતીની માંગણી કરેલ તે માંગણી મુજબની માહિતી જ અત્રેના ખાતાના રેકર્ડ ઉપર આજની તારીખે પણ ઉપલબ્ધ ન હોય, અરજદારની અપીલમાં માંગ્યા મુજબની દાદ પણ અરજદારને મળી શકતી નથી.

***<u>સુનાવણીની વિગતોઃ</u>–***

અરજદારે કરેલ નમુના–ક ની મુળ અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલ કારણ, જાહેર માહિતી અધિકારીનો અપીલ અન્વયેનો પૂર્તતા અહેવાલ તેમજ ઈન્કવાયરી ખાતાનો રેકર્ડ જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

***<u>અપીલ અધિકારીનું તારણઃ</u>–***

અરજદારે તેઓની હાલની અપીલ તા.૦૫/૧૦/૨૦૧૫ ના રોજ સેન્ટ્રલઝોન સીટી સીવીક સેન્ટરમાં રજૂ કરેલ. જે અપીલ લાંબા સમય બાદ એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી/અપીલ અધિકારી, નાગરિક સુવિદ્યા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૦૩, તા.૧૦/૧૧/૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૧૦/૧૧/૧૫ ના રોજ મળેલ. અરજદારની હાલની અપીલમાં તેઓને તેઓની નમુના–ક ની અરજીનો કોઈ નિર્ણય ન મળેલ હોવાનું કારણ જણાવી હાલની અપીલ કરેલ છે.

જાહેર માહિતી અધિકારીના પૂર્તતા અહેવાલની વિગત તેમજ ઉપલબ્ધ રેકર્ડ જોતા, અરજદારે તેઓની નમુના–ક ની અરજીથી પાર્થ જે. લાખાણી ધ્વારા કતારગામ ઝોનમાં ગેરકાયદેસર બાંધકામ અંગેની તા.૧૨/૦૮/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ અરજી પર શું કાર્યવાહી કરવામાં આવી, તેનો શુ નિકાલ કરવામાં આવ્યો તેના અનુસંધાને મુદ્દા નં.૧ થી ૪ થી માહિતીની માંગણી કરેલ. જે અન્વયે ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ અરજદારની અરજીમાં જણાવેલ વિગતેની

...૨...

પાર્થ જે. લાખાણી ધ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અંગેની અરજી અત્રેના ઈન્કવાયરી ખાતાને મળેલ ન હોવાથી કે તે અન્વયેની કોઈ કાર્યવાહી ઈન્કવાયરી ખાતામાંથી થયેલ ન હોવાથી અરજદારની માંગ્યા મુજબની માહિતી રેકર્ડ ઉપર ન હોય તે અન્વયે અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૮૦, તા.૧૬/૦૯/૨૦૧૫ થી જવાબ આપવામાં આવેલ. જે જવાબનું કવર ઈન્કવાયરી ખાતાને પરત મળેલ ન હોય, સદર જવાબ અરજદારને મળી ગયેલ હોવાનું અનુમાન કરી શકાય. જેથી અરજદારની અપીલમાં જણાવ્યા મુજબ તેઓને કોઈ નિર્ણય ન મળેલ હોવાનું કારણ તે સંજોગોમાં પુરવાર થતુ જણાતું નથી. અરજદારે હાલની અપીલમાં માહિતી અધિકારી અધિનિયમ, ૨૦૦૫ મુજબ જે તે સંબંધિત અધિકારી સામે સખતમાં સખત દંડ(પેનલ્ટી) સ્વરૂપ સાથે માહિતી અપાવવા વિનંતી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પૂર્તતા અહેવાલના અનુસંધાને ઈન્કવાયરી ખાતાનો રેકર્ડ જોતા અરજદારે તેઓની મુળ અરજીમાં જે બાબતનો ઉલ્લેખ કરીને માહિતીની માંગણી કરેલ તે મુજબની માહિતી ઈન્કવાયરી ખાતાના રેકર્ડ ઉપર આજની તારીખે પણ ઉપલબ્ધ જણાતી નથી. તેથી પણ અરજદારની માંગ્યા મુજબની દાદ અરજદારને મળવાપાત્ર જણાતી નથી. સબબ, રેકર્ડ જોતા અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) વિરૂધ્ધ હાલની અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાતું ન હોય, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

***<u>હુકમ</u> :–***

**" ઉપર ચર્ચેલ વિગતે અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) વિરૂધ્ધ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની પ્રથમ અપીલ દફતરે કરવામાં આવે છે."**

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૭૦૫
તા.૨૧/૧૧/૨૦૧૫

**નકલ રવાના :**
**પ્રતિ,**
(૧) શ્રી ચંદ્રેશ જગદીશભાઈ પિપળીયા
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.INQ/FAP/૧૧,**
**૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી**

**વિરૂધ્ધ**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

વિષયઃ–અરજદાર શ્રી શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીએ તા.૧૦/૦૯/૧૫ ના રોજ કલેકટર કચેરીમાં રજુ કરેલ આર.ટી.આઈ. હેઠળની પ્રથમ અપીલ કે જે, અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં.૨/૧ તા.૦૬/૧૧/૨૦૧૫ થી તબદીલ થઈને અત્રેના ખાતાને તા.૦૯/૧૧/૧૫ ના રોજ મળેલ છે તે અપીલ બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે ઉપર વિષયમાં જણાવેલ વિગતેની અપીલમાં તેઓએ કલેકટરશ્રી, સુરત તા.૧૨/૩/૧૫ ના રોજ કરેલ નમુના–ક હેઠળની અરજીમાં માંગ્યા મુજબની કોઈ માહિતી તેઓને મળેલ ન હોવાની રજૂઆત કરી પ્રસ્તુત પ્રથમ અપીલ કલેકટરશ્રી, સુરત સમક્ષ કરેલ. જે અપીલ સુરત મહાનગરપાલિકામાં તબદીલ થયા બાદ, અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ તા.૦૩/૧૨/૨૦૧૫ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

***<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ</u>–***

અરજદાર શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની મળેલ પ્રથમ અપીલ તેમજ તે સાથે અત્રેના ખાતાને મળેલ પેપર્સો જોતા અરજદારે પોતે તેમજ શ્રી ભોલાપ્રસાદ પાંડે તથા શ્રી રામલાલ યાદવ નામના ઈસમોએ તા.૯/૧/૧૫ તથા ૩૧/૧/૧૫ ની કરેલ અરજીઓ ઉપર થયેલ કાર્યવાહીની વિગતો બાબતે માહિતી માંગતી અરજી તા.૧૨/૩/૧૫ ના રોજ કલેકટરશ્રીને ઉદ્દેશીને કરેલ. જેના અનુસંધાને તેઓએ કરેલ હાલની પ્રથમ અપીલ ઉપર જણાવ્યા મુજબ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) તરફથી અત્રે તબદીલ થયેલ છે. અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) સમક્ષ સદર અરજદારની થયેલ સુનાવણીની નોંધ જોતા અરજદારે તેમની અરજીમાં માંગ્યા મુજબના મુદ્દા નં.૫,૬ ની માહિતી અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોવાની રજૂઆત કરતા, અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) તરફથી સદર અપીલ અત્રેના ખાતાને તબદીલ કરેલ છે. પરંતુ અરજદારની મુળ અરજીની વિગતો જોતા તેમાં તેઓએ પોતે તેમજ શ્રી ભોલાપ્રસાદ પાંડે તથા શ્રી રામલાલ યાદવ નામના ઈસમોએ ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રીને તેમજ સુરત પોલીસ કમિશનરશ્રી અને સુરત મ્યુનિસિપલ કમિશનરશ્રીને ઉદ્દેશીને જે તે અરજીમાં જણાવેલ વિગતેના લિંબાયતઝોનના અધિકારીઓ વિરૂધ્ધ ફરીયાદ કરી તેઓ સામે પગલા ભરવા બાબતે રજુઆત કરેલ હોવાનું જણાય છે. પરંતુ અરજદારની આર.ટી.આઈ. હેઠળની માહિતી માંગતી નમુના–ક ની અરજી જ અત્રેના ખાતાને મળેલ ન હોય, અરજદારની અપીલ પણ અત્રે ચલાવી શકાય નહી. તેમ છતાં અત્રેના ઈન્કવાયરી ખાતાના રેકર્ડ મુજબ અરજદારે નમુના–ક ની અરજીમાં પોતે કરેલ તેમજ અન્ય ઈસમોએ કરેલ અરજીનો ઉલ્લેખ કરીને માહિતીની માંગણી કરેલ છે તે પૈકીની કોઈપણ ફરીયાદ અરજી અત્રેના ઈન્કવાયરી ખાતાને મળેલ નથી કે તેવી રજુઆતોમાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવા અંગે સક્ષમ સત્તા તરફથી અત્રેના ખાતાને કોઈ ફાઈલ મળેલ ન હોવાથી તેવી કોઈ કાર્યવાહી અત્રેથી થયેલ નથી.

***<u>સુનાવણીની વિગતોઃ</u>–***

અરજદારની નમુના–ક ની મુળ અરજી, પ્રથમ અપીલમાં જણાવેલ કારણ, જાહેર માહિતી અધિકારીનો અપીલ અન્વયેનો પૂર્તતા અહેવાલ તેમજ ઈન્કવાયરી ખાતાનો રેકર્ડ જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

***<u>અપીલ અધિકારીનું તારણ</u>ઃ–***

અરજદારે તેઓની હાલની અપીલ તેઓએ કલેકટરશ્રી, સુરત તા.૧૨/૩/૧૫ ના રોજ કરેલ નમુના–ક હેઠળની અરજીમાં માંગ્યા મુજબની કોઈ માહિતી તેઓને મળેલ ન હોવાની રજૂઆત કરી પ્રસ્તુત પ્રથમ અપીલ કલેકટરશ્રી, સુરત સમક્ષ કરેલ. જે અપીલ સુરત મહાનગરપાલિકામાં તબદીલ થયા બાદ, અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. જે અન્વયે અત્રેના જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પૂર્તતા રીપોર્ટ તેમજ અત્રેના ખાતાનો રેકર્ડ જોતા અરજદારની નમુના–ક ની મુળ અરજી જે તે સમયે અત્રેના ખાતાને સીધી કે અન્ય કોઈ ખાતા તરફથી તબદીલ થઈ મળેલ ન નથી.

વળી, અરજદારને નમુના–ક ની મુળ અરજીમાં ઉલ્લેખેલ જે તે અરજદારની ફરીયાદ અરજીઓ પણ જે તે સક્ષમ સત્તાના આદેશ સાથે અત્રેના ખાતાને મળેલ ન હોય તેમાં અરજદારે જણાવ્યા મુજબની કોઈ કાર્યવાહી થયેલ ન હોવાની જાહેર માહિતી અધિકારીએ રજૂઆત કરેલ છે. જે અત્રેના રેકર્ડ સાથે સુસંગત છે. સબબ, અરજદારની નમુના–ક ની મુળ અરજી જ અત્રેના ખાતાને મળેલ ન હોય, તે ઉપર કરેલ હાલની આ અપીલ પણ અત્રે ચલાવવાપાત્ર જણાતી ન હોય, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

***હુકમ :–***

**" ઉપર ચર્ચેલ વિગતે અરજદારે કરેલ નમુના–ક ની અરજી અત્રેના ખાતાને મળેલ ન હોય, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) વિરૂધ્ધ આ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની પ્રથમ અપીલ દફતરે કરવામાં આવે છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પૂર્તતામાં અરજદારની નમુના–ક ની અરજીમાં માંગેલ માહિતી અંગેનો પણ જવાબ હોય તે અરજદારને ધ્યાને લેવા જણાવવામાં આવે છે."**

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૭૩૪
તા.૦૭/૧૨/૨૦૧૫

**નકલ રવાના :**
**પ્રતિ,**
(૧) શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૧૨, ૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી પંકજ ધીરજલાલ ગાંધી**

**વિરૂધ્ધ**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

વિષયઃ–અરજદારે તેઓની અરજી આઈ.ડી. નં.૨૦૧૭(સે.ઝોન), તા.૧૮/૧૧/૨૦૧૫ અંગે જા.મા.અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૭૩૫, તા.૮/૧૨/૨૦૧૫ થી આપવામાં આવેલ જવાબ વિરૂધ્ધ તા.૧૪/૧૨/૨૦૧૫ ના રોજ આરટીઆઈ સેલમાં દાખલ કરેલ અપીલ બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે ઉપર વિષયમાં જણાવેલ વિગતેની અપીલના કારણમાં તેઓની અરજીમાં આરોગ્ય વિભાગ સંબંધી માંગેલી માહિતી ખોટા ખાતાકીય તપાસ વિભાગને તબદીલ કરી અરજદારને નહી આપેલી માહિતી આપવાનો હુકમ મેળવવા બાબતની રજૂઆત કરી પ્રસ્તુત પ્રથમ અપીલ તા.૧૪/૧૨/૨૦૧૫ ના રોજ આરટીઆઈ સેલમાં દાખલ કરેલ. જે અપીલ આરટીઆઈ સેલના જા.મા.અધિકારી અને પ્ર.શ્રે.કલાર્કના પત્ર આઉટવર્ડ નં.૩૩૧, તા.૧૭/૧૨/૧૫ થી તબદીલ થઈને અત્રેના ખાતાને મળેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

***<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતા</u>:–***

અરજદારની પ્રસ્તુત તા.૧૮/૧૧/૨૦૧૫ ના રોજની અરજી સેન્ટ્રલ સીવીક સેન્ટરના એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સીસીસી/સી.ઝેડ./આર.ટી.આઈ./આઉટ/૭૬૫, તા.૨૭–૧૧–૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૩૦/૧૧/૧૫ ના રોજ મળેલ હતી. અરજદારે સદરહુ અરજીથી ડો.આઈ.સી.પટેલ (એમઓએચ અને એલએચએ), શ્રી આર. એમ. રાય,(પબ્લીક એનાલીસ્ટ) તથા શ્રી કપિલ ગૌતમ(પબ્લીક એનાલીસ્ટ) ની સુરત મહાનગરપાલિકામાં નિમણૂંક અને નિવૃત્તિ બાબતે તેમજ ૨૦૦૬ ના ધી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ અન્વયે જુદા જુદા હોદ્દા ઉપર થયેલ નિમણુંકો બાબતે વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ છે. પરંતુ અરજદારની અરજીમાં જણાવ્યા મુજબના મુદ્દાઓ તેમજ માંગણી જોતા અરજદારે કરેલ માંગણી અન્વયેનો કોઈ મુદ્દો અત્રેના ખાતાકીય તપાસ વિભાગની કામગીરીને લગતો ન હોય, અરજદારને તેમની અરજી અન્વયે અત્રેથી કોઈ જવાબ આપવાનો રહેતો નહતો. જેથી અરજદારને તે મુજબ તેમની અરજીમાં કોઈ માહિતી અત્રેના ખાતાને લાગત જણાતી ન હોવા બાબતનો જવાબ અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૭૩૫, તા.૮/૧૨/૧૫ થી પાઠવવામાં આવેલ. વળી, અરજદારે પોતે જ તેમની હાલની અપીલના કારણમાં "...અરજીમાં આરોગ્ય વિભાગ સંબંધી માંગેલી માહિતી ખોટા ખાતાકીય તપાસ વિભાગને તબદીલ કરી અરજદારને નહી આપેલી માહિતી આપવાનો હુકમ મેળવવા.." જણાવેલ છે. આમ, અરજદારની પ્રસ્તુત અરજી અત્રેના ખાતાને ખોટી રીતે તબદીલ થયેલ હોવાની અરજદારને જાણ હોવા છતાં ખોટી રીતે અત્રેના જવાબ સામે પ્રથમ અપીલ કરેલ છે.

આમ, અરજદારને અત્રેથી આપવામાં આવેલ જવાબ યોગ્ય છે. જેથી અરજદારની અરજીમાંનો કોઈ મુદ્દો અત્રેના ખાતાને લાગત ન હોય તે અંગેની માહિતી અરજદારને ન આપવાનો કોઈ પ્રશ્ન જ નહતો.

***<u>સુનાવણીની વિગતો</u>:–***

અરજદારની નમુના–ક ની મુળ અરજી, પ્રથમ અપીલમાં જણાવેલ કારણ, જાહેર માહિતી અધિકારીનો અપીલ અન્વયેનો પૂર્તતા અહેવાલ જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

***<u>અપીલ અધિકારીનું તારણ</u>:–***

અરજદારે તેઓની હાલની અપીલ તા.૧૮/૧૧/૨૦૧૫ ના રોજ કરેલ નમુના–ક હેઠળની અરજી અન્વયે તેઓને માહિતી આપેલ ન હોવાનું કારણ જણાવી કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પૂર્તતા અહેવાલની વિગતે અરજદારની અરજીમાં જણાવ્યા મુજબના મુદ્દાઓ તેમજ માંગણી જોતા અરજદારે કરેલ માંગણી અન્વયેનો કોઈ મુદ્દો ખાતાકીય તપાસ વિભાગની કામગીરીને લગતો ન હોય, અરજદારને તે મુજબ તેમની અરજીમાં કોઈ

....૨....

માહિતી ઈન્કવાયરી ખાતાને લાગત જણાતી ન હોવા બાબતનો જવાબ પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૭૩૫, તા.૮/૧૨/૧૫ થી પાઠવવામાં આવેલ છે. વળી, અરજદારે પોતે જ તેમની હાલની અપીલના કારણમાં "...અરજીમાં આરોગ્ય વિભાગ સંબંધી માંગેલી માહિતી ખોટા ખાતાકીય તપાસ વિભાગને તબદીલ કરી અરજદારને નહી આપેલી માહિતી આપવાનો હુકમ મેળવવા.." જણાવેલ છે. આમ અરજદારની અરજીમાં માંગ્યા મુજબની કોઈ માહિતી અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત ન હોવાનું અરજદાર પોતે સ્પષ્ટપણે જાણતા હોવા છતા અરજદારે પ્રથમ અપીલ કરેલ છે. આમ, અરજદારની નમુના–ક ની મુળ અરજીમાં માંગ્યા મુજબની કોઈ માહિતી અત્રેના ખાતાને લાગત ન હોય, તેઓની હાલની અપીલ અન્વયે પણ તેઓને કોઈ દાદ મળી શકે તેમ નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

નીચે સહી કરનાર અપીલ અધિકારી માંદગીના કારણે તા.૨૮/૧૨/૧૫ થી તા.૨૪/૦૧/૧૬ સુધી રજા પર હોવાથી આ અપીલનો નિકાલ અધિનિયમની કલમ–૧૯(૬) માં કરવામાં આવેલ જોગવાઈ જોતા સમયમર્યાદામાં કરેલ છે.

***હુકમ*** **:–**

**" ઉપર ચર્ચેલ વિગતે, અરજદારની નમુના–ક ની મુળ અરજી અન્વયે જા.મા.અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ આપેલ જવાબ યોગ્ય હોય, અરજદારને આ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ નથી. જેથી અરજદારની પ્રથમ અપીલ નામંજુર કરવામાં આવે છે.**

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ કની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૮૦૭
તા.૨૭/૦૧/૨૦૧૬

**નકલ રવાના :**
**પ્રતિ,**
(૧) શ્રી પંકજ ધીજલાલ ગાંધી
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૧૩,**
**૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી સંજય આર. પાઠક**

**વિરૂધ્ધ**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

વિષયઃ–અરજદારે તેઓની તા.૦૭/૧૦/૧૫ ના રોજની અરજી આઈ.ડી. નં.૧૬૮૫(સે.ઝોન) અંગે જા.મા.અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૬૦ તા.૦૨/૧૧/૨૦૧૫ થી આપવામાં આવેલ જવાબ વિરૂધ્ધ તા.૧૯/૧૨/૨૦૧૫ ના રોજ દાખલ કરેલ અપીલ બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે ઉપર વિષયમાં જણાવેલ વિગતેની અપીલના કારણમાં તેઓની અરજીમાં માંગ્યા મુજબની માહિતી કેબીનેટના પેપર કે મંત્રી પરિષદો, સચિવો કે અન્ય અધિકારીઓના મંત્રણા સંદર્ભે નથી તેવી રજૂઆત કરી પ્રસ્તુત પ્રથમ અપીલ તા.૧૯/૧૨/૨૦૧૫ ના રોજ સેન્ટ્રલ સીવીક સેન્ટરમાં દાખલ કરેલ. જે અપીલ સેન્ટ્રલ સીવીક સેન્ટરના પત્ર નં.સીસીસી/સી.ઝોન/આઉટ/૧૧૯૨ તા.૧૯/૧૨/૧૫ થી તબદીલ થઈને તા.૨૧/૧૨/૧૫ ના રોજ અત્રેના ખાતાને મળેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

***<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–</u>***

અરજદાર શ્રી સંજય આર. પાઠકની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૭/૧૦/૧૫ ના રોજની અરજી આઈ.ડી. નં.૧૬૮૫(સે.ઝોન) એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિદ્યા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૪૨૬, તા.૦૯/૧૦/૧૫ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ હતી. અરજદારે સદરહુ અરજીથી અઠવા બ્રિજ હોનારત બાબતે વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ છે. જે પૈકી અરજદારને તેમની અરજીના મુદ્દા નં.૨,૫,૬ તથા ૭ નો અત્રેથી જવાબ આપવાનો રહેતો હતો. જે મુદ્દા નં.૨,૫,૬ તથા ૭ થી અરજદારે અઠવા બ્રિજ હોનારત બાબતે સદર કિસ્સામાં ચાલી રહેલ ખાતાકીય તપાસની માહિતી, ઈજનેરોને આપવામાં આવેલ ચાર્જશીટની નકલ, તપાસ સમિતિએ ચાર્જશીટ પુરવાર કરવા કરેલ કાર્યવાહીઓ અને રજૂ કરેલ રીપોર્ટ તથા તપાસ આજદિન સુધી અપૂર્ણ તથા મોડી શરૂ થવાના કારણોની લેખિત રજૂઆતની પ્રમાણિત નકલોની માંગણી કરેલ છે. સદર કિસ્સામાં બ્રિજસેલ વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી બી. કે. ગઢીયા, ડે.ઈજનેર શ્રી એન. કે. દિક્ષિત તથા આસી.ઈજનેર શ્રી જીગ્નેશ અકબરીને ચાર્જશીટ આપ્યા બાદ તે અંગેની ખાતાકીય તપાસની કાર્યવાહી ડેપ્યુટી કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટને સોંપવામાં આવેલી છે અને તે ખાતાકીય તપાસની કાર્યવાહી અરજદારને જવાબ આપવા સમયે તેમજ હાલ પણ તેઓ સમક્ષ ચાલુ છે. સબબ, અરજદારની માંગણી અન્વયેના કિસ્સામાં ખાતાકીય તપાસની કાર્યવાહી ચાલુ હોય અને આખરી નિર્ણય લેવા અંગેની બાબત સંપુર્ણ થયેલ ન હોય, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ટ) ની જોગવાઈ અન્વયે માંગ્યા મુજબની માહિતી અરજદારને પુરી પાડી શકાય તેમ ન હોવાથી તે મુજબ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૬૦, તા.૦૨/૧૧/૧૫ થી જવાબ પાઠવવામાં આવેલ. અરજદારે હાલની પ્રથમ અપીલમાં માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ટ) ની જોગવાઈ ટાંકીને, તેઓએ માંગેલ માહિતી કેબીનેટના પેપર કે મંત્રી પરિષદો, સચિવો કે અન્ય અધિકારીઓના મંત્રણા સંદર્ભે નથી તેમ જણાવી માહિતીની માંગણી કરેલ છે. જે અન્વયે જણાવવાનું કે, કાયદામાં જણાવેલી જોગવાઈમાં ઉલ્લેખાયેલ શબ્દોમાં સામાન્ય રીતે કેન્દ્ર સરકાર અને રાજય સરકારના વિભાગોના અધિકારીઓના હોદ્દા ટાંકેલા હોય, પરંતુ સદર કાયદો કેન્દ્ર સરકાર અને રાજય સરકારના વહીવટ ધ્વારા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સ્થપાયેલ, રચાયેલ, માલિકીપણાવાળા અથવા ફંડ રૂપે મોટા પાયે ધિરાણ મેળવેલ જાહેર સત્તામંડળોને લાગુ પડતો હોય, તે સંબંધમાં તેવા જાહેર સત્તામંડળોના તે કક્ષાના અધિકારીઓના હોદ્દાને અનુલક્ષીને જોગવાઈઓનું અર્થઘટન કરવાનું હોય છે. આમ અરજદારના માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ટ) ની જોગવાઈ અપીલમાં ટાંકીને, તેઓએ માંગેલ માહિતી કેબીનેટના પેપર કે મંત્રી પરિષદો, સચિવો કે અન્ય અધિકારીઓના મંત્રણા સંદર્ભે નથી તેવી તકરાર કરી શકતા નથી કે તેવી તેમની તકરાર ઉપરની હકીકતે ચાલી શકતી નથી. આમ, ઉપર પૂર્તતા અહેવાલમાં જણાવ્યા મુજબ અને અરજદારને પાઠવવામાં આવેલ જવાબમાં જણાવ્યા મુજબ તેઓએ જે માહિતીની માંગણી કરેલ છે તે અન્વયેના કિસ્સામાં ખાતાકીય તપાસની કાર્યવાહીમાં આજની અપીલની તારીખે પણ આખરી નિર્ણય લેવા અંગેની બાબત સંપુર્ણ થયેલ ન હોય, સદર જોગવાઈ અન્વયે માંગ્યા મુજબની માહિતી અરજદારને પુરી પાડી શકાય તેમ નથી.

....૨....

***સુનાવણીની વિગતોઃ–***

અરજદારની મુળ અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, પ્રથમ અપીલમાં જણાવેલ કારણ, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી.

***અપીલ અધિકારીનું તારણઃ–***

અરજદારે તેઓની હાલની અપીલ તા.૦૭/૧૦/૨૦૧૫ ના રોજની નમુના–ક હેઠળની અરજી અન્વયે જા.મા.અધિકારી તરફથી અધિનિયમની કલમ–૮(૧)(ટ) ની જોગવાઈ હેઠળ આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ, તેઓએ માંગેલ માહિતી સદર કલમમાં જણાવ્યા મુજબ કેબીનેટના પેપર કે મંત્રી પરિષદો, સચિવો કે અન્ય અધિકારીઓના મંત્રણા સંદર્ભે નથી તેમ જણાવી કરેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારીએ પૂર્તતા કર્યા મુજબ મજકુર અધિનિયમમાં ઉલ્લેખાયેલ શબ્દોમાં સામાન્ય રીતે કેન્દ્ર સરકાર અને રાજય સરકારના વિભાગોના અધિકારીઓના હોદ્દાઓ ટાંકીને કલમમાં જોગવાઈઓ સૂચના સ્વરૂપે આપવામાં આવેલી હોય છે. પરંતુ સદર કાયદો કેન્દ્ર સરકાર અને રાજય સરકારના વહીવટ ધ્વારા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સ્થપાયેલ, રચાયેલ, માલિકીપણાવાળા અથવા ફંડ રૂપે મોટા પાયે ધિરાણ મેળવેલ જાહેર સત્તામંડળોને પણ લાગુ પડતો હોય, તે સંબંધમાં તેવા જે તે જાહેર સત્તામંડળોના તે કક્ષાના અધિકારીઓના હોદ્દાને અનુલક્ષીને જોગવાઈઓનું અર્થઘટન કરવાનું રહે છે. જે મુજબ અરજદારે તેમની અરજીમાં અઠવા બ્રિજ હોનારત બાબતે ઈન્કવાયરી ખાતાને લાગત જે તે મુદ્દાથી ખાતાકીય તપાસની કાર્યવાહી બાબતે માહિતીની માંગણી કરેલ છે, તે અંગેની ખાતાકીય તપાસની કાર્યવાહી સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશ્નરશ્રી સમક્ષ ચાલુ છે. આમ, હાલ સદર કિસ્સામાં ખાતાકીય તપાસની કાર્યવાહી હાલ પણ ચાલુ છે, જેથી તેવી ચાલુ ખાતાકીય તપાસની કાર્યવાહીની માહિતી, જવાબદારોને આપવામાં આવેલા ચાર્જશીટ કે અરજીમાં જણાવ્યા મુજબ ચાર્જશીટ પુરવાર કરવા માટેની કાર્યવાહીઓ સમક્ષ કમિશ્નરશ્રીને જો કોઈ રીપોર્ટ રજુ થયેલ હોય તેવા રીપોર્ટની માહિતી ચાલુ કાર્યવાહી દરમ્યાન અરજદારને પુરી પાડી ખાતાકીય તપાસની ગોપનીયતા તોડી શકાય નહી. પરંતુ જો તેવી કાર્યવાહી જો પુર્ણ થઈ ગયેલ હોય કે નિર્ણય લેવાની બાબત પુરી થઈ ગયેલ હોય તેવા કિસ્સામાં જ જોગવાઈને આધિન અરજદારને માહિતી પુરી પાડી શકાય. અરજદારે અપીલમાં અઠવા બ્રિજ હોનારતની તપાસ આજદિન સુધી અપૂર્ણ તથા મોડી શરૂ થવાના કારણોની લેખિત રજુઆતની પ્રમાણિત નકલની માંગણી કરેલ. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ મુજબ અરજદારની તેવી માંગ્યા મુજબની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય તે અંગે રેકર્ડ ઉપરની ઉપલબ્ધતા સિવાયની અનુમાનિત કે કોઈ બાબતની ઉચિતતા સંદર્ભેના કારણોના જવાબ અંગે જાહેર માહિતી અધિકારી પાસે અપેક્ષા રાખી શકાય નહી. ઉચિતપણું ન્યાય નિર્ણય કરનાર અધિકારીઓની સત્તામાં આવે છે અને તેને માહિતી તરીકે વર્ગીકૃત કરી શકાય નહી. જેથી પણ તે મુદ્દા અંગે પણ અરજદારને દાદ મળવાપાત્ર નથી.

સબબ, અરજદારની માંગણી અન્વયેના કિસ્સામાં ખાતાકીય તપાસની કાર્યવાહી ચાલુ હોય અને આખરી નિર્ણય લેવા અંગેની બાબત સંપુર્ણ થયેલ ન હોય, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) તરફથી માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ટ) ની જોગવાઈ અન્વયે આપવામાં આવેલ જવાબ યોગ્ય જણાતો હોય, અરજદારે હાલની અપીલ અન્વયે કોઈ દાદ આપવાપાત્ર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

નીચે સહી કરનાર અપીલ અધિકારી માંદગીના કારણે તા.૨૮/૧૨/૧૫ થી તા.૨૪/૦૧/૧૬ સુધી રજા પર હોવાથી આ અપીલનો નિકાલ અધિનિયમની કલમ–૧૯(૬) માં કરવામાં આવેલ જોગવાઈ જોતા સમયમર્યાદામાં કરેલ છે.

***હુકમ :–***

**" ઉપર ચર્ચેલ વિગતે, અરજદારની નમુના–ક ની મુળ અરજી અન્વયે જા.મા.અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ આપેલ જવાબ યોગ્ય હોય, અરજદારને આ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ નથી. જેથી અરજદારની પ્રથમ અપીલ નામંજુર કરવામાં આવે છે.**

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ કની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૮૧૮
તા.૩૦/૦૧/૨૦૧૬

**નકલ રવાના :**

**પ્રતિ,**

(૧) શ્રી સંજય આર. પાઠક
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૧૪, ૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી હિંમતલાલ ભીમજીભાઈ લિંબાસીયા**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૭૯૦/૬૦૦/૬૦૪૧ તા.૨૨/૧/૨૦૧૬ થી માંગેલ માહિતી અરજીની મુદતમાં પુરી પડાયેલ નથી તેવું કારણ જણાવી તા.૨૫/૦૨/૨૦૧૬ ના રોજ કરેલ પ્રથમ અપીલ.....

## *અપીલના મુદા :–*

અરજદારે તેઓની અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૭૯૦/૬૦૦/૬૦૪૧ તા.૨૨/૧/૨૦૧૬ થી માંગેલ માહિતી અરજીના ૩૦ દિવસથી વધુ સમય થયો હોવા છતાં માહિતી પુરી પડાયેલ નથી તેવું કારણ જણાવી તા.૨૫/૨/૧૬ ના રોજ હાલની અપીલ કરેલ છે. જે અપીલ અત્રે તા.૨૬/૦૨/૧૬ ના રોજ મળેલ છે. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૧૪/૨૦૧૫–૧૬ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૧૯/૦૨/૨૦૧૬ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–</u>*

અરજદાર શ્રી હિંમતલાલ ભીમજીભાઈ લિંબાસીયાની નમુના–ક ની અરજી આઈ.ડી.નં.૭૯૦/૬૦૦/૬૦૪૧ તા.૨૨/૧/૨૦૧૬ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, સાઉથઝોન(ઉધના) ના પત્ર નં.સા.ઝોન/ટેક/૭૦૩, તા.૦૩/૦૨/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૦૯/૦૨/૧૬ ના રોજ મળેલ, અરજદારે તેમની અરજીમાં અન્ય અરજદારશ્રી જશવંત બ્રહમભટ્ટની આરટીઆઈ અન્વયે અપીલ નં.અ–૦૨૦૫–૨૦૧૩ ના કામે આયોગ ધ્વારા તેઓને રૂા.૫૦૦૦/– નો દંડ કરવામાં આવેલ તે અંગે તેઓએ આયોગમાં કરેલ અરજી અન્વયે મે. કમિશ્નરશ્રી ધ્વારા તેઓને કારણદર્શક નોટીસ આપેલ તે કારણદર્શક નોટીસ આપવા માટેના નોંધ વિભાગની (થયેલ રીપોર્ટીંગ) ની સંપુર્ણ માહિતી તથા આપેલ કારણદર્શક નોટીસ અને જે અન્વયે મળેલ જવાબની રેકર્ડ આધારિત માહીતીની માંગણી કરેલ. અરજદારની માંગણી અન્વયે અત્રેના રેકર્ડ મુજબ અરજદાર શ્રી હિંમતલાલ ભીમજીભાઈ લિંબાસીયાને જાહેર માહિતી અધિકારીના હોદ્દા ઉપર ફરજ બજાવતા હોવા છતાં આર.ટી.આઈ. જેવી સમયમર્યાદાની કરવાની કામગીરી/રજુઆત સંદર્ભે ફરજમાં ગંભીર બેદરકારી દાખવવા બાબતે કા.દ.નો. નં.જીએડી/ઈએસટી/આઈ/૪૧૯ તા.૨૫–૦૮–૨૦૧૫ થી આપવામાં આવેલ. જેનો તેઓએ જવાબ રજૂ કરેલ છે. અરજદારની માંગણી મુજબ તેઓને કારણદર્શક નોટીસ આપવા માટેના થયેલ નોંધ વિભાગની (થયેલ રીપોર્ટીંગ) ની નકલો માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમના આધારેના પરિપત્ર ક્રમાંક : વહસ–૨૦૦૫–(૫)–આર.ટી.આઈ. સેલ, તા.૧૪/૧૧/૨૦૦૫ ની જોગવાઈ મુજબ આપી શકાય તેમ ન હોય, જયારે અરજદારે પોતાને મળેલ કારણદર્શક નોટીસ અને તે અન્વયે તેમણે પોતે રજૂ કરેલ જવાબની નકલોની માંગણી કરેલ તેના પાના નંગ–૧૯ ની નકલો અરજદારને આપવાજોગ હોય, તે અંગેની નકલ ફી ના રૂા.૨/– લેખે પાના નંગ–૧૯ ના કુલ રૂા.૩૮/– અંકે રૂપિયા આડત્રીસ પુરા જમા કરાવવા અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૮૯૧, તા.૧૬–૦૨–૨૦૧૬ થી જણાવવામાં આવેલ. જે પત્રનું કવર અરજદારને તેમના અરજીમાં જણાવેલા સરનામે અત્રેથી મધ્યસ્થ કચેરી મારફત સાદી ટપાલથી પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે દર્શાવવા આ અહેવાલ સાથે મધ્યસ્થ કચેરીનું સને–૨૦૧૫–૨૦૧૬ ના વર્ષનું પોસ્ટલનું ફ્રેન્કીંગ મશીન ડીસ્પેચ રજીસ્ટરની તા.૧૬/૨/૨૦૧૬ ના પાનાની ઝેરોક્ષ નકલ સામેલ કરેલ છે. જે જોતા સદર અરજદારને નાણાં ભરવા અંગેની જાણ કરતા પત્રનું કવર તા.૧૬/૨/૧૬ ના રોજ પોસ્ટ મારફત બજાવવામાં આવેલ હોવાનું સ્પષ્ટ જણાય છે. જે પત્રનું કવર અત્રેના ખાતાને પોસ્ટ ખાતા મારફત વગર બજયે પરત મળેલ ન હોય, સદર પત્રનું કવર અરજદારને મળી ગયેલ હોવાનું અનુમાન થાય છે. આમ, અરજદારને પત્ર મળી ગયેલ હોવા છતાં અરજદારે તેમાં જણાવ્યા મુજબની નકલ ફી ના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી અને જાણે તેઓને નમુના–ક ની અરજીના ૩૦ દિવસથી વધુ સમય થયો હોવા છતાં માહિતી પુરી પડાયેલ નથી તેવું ખોટું કારણ જણાવી હાલની અપીલ કરેલ છે.

અરજદારને માહિતી પુરી ન પાડવા અંગે અત્રેના ખાતાની કોઈ કસુર નથી. અરજદારને તેમની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૈકી આપવાજોગ માહિતીની નકલોની નકલ ફીના નાણાં ભરપાઈ કરવા અંગેની જાણ કરતો પત્ર સમયમર્યાદામાં પોસ્ટ મારફત મોકલવામાં આવેલ છે અને તે પત્રનું કવર અત્રેના ઈન્કવાયરી ખાતાને વગર બજયે પરત મળેલ ન હોય, સદર પત્રનુ કવર પોસ્ટ ખાતા ધ્વારા અરજદારને સમયસર મળી ગયેલ હોવાનું જણાય છે, તેમ છતાં અરજદારે નકલ ફી ના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી. જેથી અરજદાર અત્રેથી મેળવવાજોગ માહિતી વિના મુલ્યે મેળવવા હકકદાર નથી. પરંતુ સદર પત્રમાં જણાવ્યા મુજબની નકલ ફી ના નાણાં ભરપાઈ કરી તેની રસીદની નકલ રજૂ કરી અત્રેથી આપવાજોગ માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. અરજદારને અપીલના જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી.

...૨...

## *સુનાવણીની વિગતો:–*

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણો, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણ:–*

આ કેસની હકીકતો તેમજ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો જોતા, અરજદાર હાલ મહાનગરપાલિકાના વેસ્ટઝોનમાં ડે.ઈજનેર તરીકે ફરજ બજાવે છે. અન્ય એક અરજદાર શ્રી જશવંત બ્રહમભટ્ટની આરટીઆઈ અન્વયેની નામદાર ગુજરાત આયોગ સમક્ષની બીજી અપીલ નં.અ–૦૨૦૫–૨૦૧૩ ના કામે આયોગ ધ્વારા શ્રી હિંમતલાલ બી. લિંબાસીયને રૂા.૫૦૦૦/– નો દંડ કરવામાં આવેલ અને તે દંડના હુકમથી નારાજ થઈ તેઓએ નામદાર આયોગમાં રજુઆત કરેલી, જે બાબતે તેઓને મે. કમિશ્નરશ્રી ધ્વારા અત્રેથી જે કારણદર્શક નોટીસ આપવામાં આવેલ તે કારણદર્શક નોટીસ આપવા માટેના નોંધ વિભાગની (થયેલ રીપોર્ટીગ) ની સંપુર્ણ માહિતી તથા આપેલ કારણદર્શક નોટીસ અને જે અન્વયે મળેલ જવાબની રેકર્ડ આધારિત માહીતીની અરજદારને પ્રશ્ન હેઠળની નમુના–ક ની અરજીથી માંગણી કરેલ. જાહેર માહિતી અધિકારીનો અહેવાલની હકીકત જોતા અરજદારને કારણદર્શક નોટીસ આપવા માટેના થયેલ નોંધ વિભાગની (થયેલ રીપોર્ટીગ) ની નકલો માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમના આધારેના પરિપત્ર ક્રમાંક : વહસ–૨૦૦૫–(૫)–આર.ટી.આઈ. સેલ, તા.૧૪/૧૧/૨૦૦૫ ની જોગવાઈ મુજબ આપી શકાય તેમ ન હોવાનું જણાવી અરજદારને આપવામાં આવેલ કારણદર્શક નોટીસ અને તે અન્વયે તેમણે રજૂ કરેલ જવાબની નકલોના પાના નંગ–૧૯ અરજદારને આપવા જણાવી તેની ફી ના રૂા.૩૮/– જમા કરાવવા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૮૯૧, તા.૧૬–૦૨–૨૦૧૬ થી જણાવેલ છે. અહેવાલમાં જણાવ્યા મુજબ પરિપત્ર ક્રમાંક : વહસ–૨૦૦૫–(૫)–આર.ટી.આઈ. સેલ, તા.૧૪/૧૧/૨૦૦૫ ની વિગતો જોતા નોંધ વિભાગની (થયેલ રીપોર્ટીગ) ની માહિતી નહી આપવાનો જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે. વળી, નાણા ભરવા અંગેની જાણ કરતા પત્રનું કવર અરજદારને અરજીમાં જણાવેલા સરનામે સાદી ટપાલથી પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે અરજદારને મળી ગયેલ હોવાની રજુઆત કરેલ છે. જે દર્શાવવા જાહેર માહિતી અધિકારીએ અહેવાલ સાથે મધ્યસ્થ કચેરીનું સને–૨૦૧૫–૨૦૧૬ ના વર્ષનું પોસ્ટલનું ફ્રેન્કીંગ મશીન ડીસ્પેચ રજીસ્ટરની તા.૧૬/૨/૨૦૧૬ ના પાનાની રજૂ કરેલ ઝેરોક્ષ નકલ જોતા અરજદારને નાણાં ભરવા અંગેની જાણ કરતા પત્રનું કવર તા.૧૬/૨/૧૬ ના રોજ પોસ્ટ મારફત બજાવવા રવાના કરવામાં આવેલાનું જણાય છે. તે રજીસ્ટરમાંની વિગતોમાં સદર પત્રનું કવર વગર બજયે મહાનગરપાલિકાને પરત મળેલ હોવા અંગેની કોઈ નોંધ જણાતી નથી. સબબ, અરજદારને મોકલવામાં આવેલ સદર પત્રનું કવર પરત આવેલ ન હોય, તે અરજદારને મળી ગયેલ હોવાનું માની શકાય.

આમ, ઉપલબ્ધ રેકર્ડ જોતા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને આપવાજોગ માહિતીની નકલો આપવા તૈયારી બતાવી અરજદારને માહિતીની નકલના નાણાં ભરપાઈ કરવા અંગે જાણ કરતો પત્ર પણ સમયમર્યાદામાં પોસ્ટ કરેલ હોવાનું જણાય છે. સબબ, અરજદારની હાલની અપીલના કારણમાં જણાવ્યા મુજબ અરજદારને નમુના–ક ની અરજીની મુદતના ૩૦ દિવસથી વધુ સમય સુધી માહિતી પુરી ન પાડવા અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ કસુર થયેલ જણાતી નથી. જેથી અરજદાર આજે પણ તેઓને મળવાપાત્ર માહિતી, નકલ ફીના નાણા ભરપાઈ કરી મેળવવા સ્વતંત્ર છે. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

### *–: હુકમ :–*

**" ઉપર ચર્ચેલ વિગતે, અરજદારને આ અપીલ કરવાનું કારણ પુરવાર થતુ નથી. જેથી અરજદારની આ પ્રથમ અપીલ નામંજુર કરવામાં આવે છે અને અરજદારને હુકમમાં જણાવેલ વિગતેના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે."**

**અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ કની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ ની મુદતમાં રાજય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.**

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૯૯૪
તા.૨૧/૦૩/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી હિંમતલાલ ભીમજીભાઈ લિંબાસીયા
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ તથા અમલ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.INQ/FAP/૧૫, ૨૦૧૫–૧૬**

**અરજદાર : શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

**વિષયઃ–** આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૧૦૦૭ તા.૦૬/૦૨/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૪૯૦૪) અંગે જાણે તેઓને જવાબ/પૂર્તતા કરવામાં આવેલ ન હોય તેમ કારણ જણાવી તા.૨૧/૦૩/૨૦૧૬ ના રોજ વેસ્ટઝોન ખાતે દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદારે તેઓની અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની આઈ.ડી.નં.૧૦૦૭ તા.૦૬/૦૨/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૪૯૦૪) અંગે જાણે તેઓને જવાબ/પૂર્તતા કરવામાં આવેલ ન હોય તેમ કારણ જણાવી તા.૨૧/૦૩/૨૦૧૬ ના રોજ વેસ્ટઝોન ખાતે પ્રથમ અપીલ દાખલ કરેલ. જે અપીલ અપીલ અધિકારી અને આસી.કમિશરશ્રી(વેસ્ટઝોન) ના પત્ર નં.વેસ્ટઝોન/આર.ટી.આઈ. સેલ/૨૦૬૯ તા.૨૩/૦૩/૧૬ થી તબદીલ થઈને અત્રે તા.૨૩/૩/૧૬ ના રોજ મળેલ છે. જે પ્રથમ અપીલ અત્રેના રજીસ્ટરે નં.INQ/FAP/૧૫/૨૦૧૫–૧૬ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૧૩/૦૪/૨૦૧૬ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## ***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદાર શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની અરજી આઈ.ડી.નં.૧૦૦૭ તા.૦૬/૦૨/૨૦૧૬ થી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨,૪,૬ ની માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(વેસ્ટઝોન) ના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૮૧૩ તા.૧૦/૦૨/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૧૧/૦૨/૧૬ ના રોજ મળેલ. જે અન્વયે અરજદારે તેમની અરજીમાં મુદ્દા નં.૨,૪,૬ થી જે માહિતીની માંગણી કરેલ, તે માહિતી નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચના માન.જસ્ટીસશ્રીઓ શ્રી કે. એસ. રાધાક્રિષ્નન તથા શ્રી દિપક મિશ્રાએ તેમની સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ ચુકાદો ધ્યાને લેતા, કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" તરીકે વ્યકત થતી હોય તેવી માહિતી, અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ જોતા જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોવાથી, તેવી માહિતી જાહેર કરવી યોગ્ય ન જણાતા તેવી માહિતી પુરી પાડી શકાય તેમ ન હોવાનો અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૨૭, તા.૨૯/૦૨/૧૬ થી જવાબ પાઠવવામાં આવેલ. જે જવાબ અરજદારને મળી ગયેલ છે.

અરજદારે હાલની પ્રથમ અપીલમાં કયા જાહેર માહિતી અધિકારીના કઈ તારીખના કયા નંબરના પત્ર સામે અપીલ કરેલ છે તેમ સ્પષ્ટ રીતે તેમના અપીલના મથાળામાં દર્શાવેલ નથી. અરજદારે ફકત મ.ન.પા. કમિશ્નરશ્રી એટલું જ નામ દર્શાવીને હાલની અપીલ કરેલ છે. જે અપીલ વેસ્ટઝોનના અપીલ અધિકારી ધ્વારા અગાઉ મુળ અરજી જે જે જાહેર માહિતી અધિકારીઓને તબદીલ કરેલ તે તમામના અપીલ અધિકારીઓને સ્ટીરીયો ટાઈપ તબદીલ કરેલ છે. અરજદારે તેમની પ્રથમ અપીલમાં અપીલ કરવાનું કોઈ સ્પષ્ટ કે તર્કસંગત કારણ દર્શાવેલ નથી. ફકત જાણે તેઓને જે તે મુદ્દાનો જવાબ/પૂર્તતા કરવામાં આવેલ નથી તેવું મોઘમ કારણ દર્શાવી હાલની અપીલ કરેલ છે. જયારે અરજદારને અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં.૨,૪ અને ૬ બાબતે ઉપર જણાવ્યા મુજબ જવાબ આપવામાં આવેલ હોય, અરજદારને જવાબ/પૂર્તતા કરવામાં આવેલ નથી તેવું કારણ પુરવાર થતુ નથી. અરજદારે તેમની હાલની અપીલમાં તેવી માહિતી તેઓને કયા કારણથી આપવી જોઈએ તેનું કોઈ ખંડન કે ખુલાસો કરી કારણ દર્શાવેલા નથી. અરજદારે તેમની અરજીથી છેલ્લા પાંચ વર્ષમાં કમિશ્નરશ્રી ધ્વારા આપવામાં આવેલ મેમો, શોકોઝ નોટીસના અધિકારીઓની વિગત, તેમજ છેલ્લા ૧૦ વર્ષમાં ખાતાકીય તપાસ ચાલુ હોય તેવા અધિકારીઓની અને ખાતાકીય તપાસ બંધ કરી દેવામાં આવેલ અધિકારીઓની વિગત તથા સુ.મ.પા.માં (તમામ ઝોન પર) છેલ્લા ત્રણ વર્ષમાં કમિશ્નરશ્રી ધ્વારા તપાસ માટે બનાવવામાં આવેલ અધિકારીની ટીમને સોંપવામાં આવેલ કામગીરીની વિગતની માહિતીની માંગણી કરેલ છે. જે માંગ્યા મુજબની માહિતી નામદાર સુપ્રિમ કોર્ટના ઉપર જણાવેલા ચુકાદો ધ્યાને લેતા, તેવી માહિતી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" તરીકે વ્યકત થતી હોય તેમજ અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ જોતા જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોવાથી તેવી માહિતી અરજદારને પુરી પાડી શકાય તેમ નથી. સબબ, અરજદારને અત્રેથી આપવામાં આવેલ જવાબ યોગ્ય છે. જેથી અરજદારને અપીલમાં માંગ્યા મુજબની કોઈ કે માહિતી ઉપરની વિગતે મળવાપાત્ર નથી. જે હકીકત ધ્યાને લઈ અરજદારની અપીલ અંગે આગળની કાર્યવાહી કરવા આ રીપોર્ટ રજૂ કરેલ છે.

## *સુનાવણીની વિગતોઃ–*

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણો, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

આ કેસની હકીકતો તેમજ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો જોતા, અરજદારે તેમની મુળ અરજીથી છેલ્લા પાંચ વર્ષમાં કમિશ્નરશ્રી ધ્વારા આપવામાં આવેલ મેમો, શોકોઝ નોટીસના અધિકારીઓની વિગત, તેમજ છેલ્લા ૧૦ વર્ષમાં ખાતાકીય તપાસ ચાલુ હોય તેવા અધિકારીઓની અને ખાતાકીય તપાસ બંધ કરી દેવામાં આવેલ અધિકારીઓની વિગત તથા સુ.મ.પા.માં (તમામ ઝોન પર) છેલ્લા ત્રણ વર્ષમાં કમિશ્નરશ્રી ધ્વારા તપાસ માટે બનાવવામાં આવેલ અધિકારીની ટીમને સોંપવામાં આવેલ કામગીરીની વિગતની માહિતીની માંગણી કરેલ. જે અરજદાર ધ્વારા માંગણી કરવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) નાએ નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાંત ધ્યાને લઈ અરજદાર ધ્વારા માંગણી કરવામાં આવેલ માહિતી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" તરીકે વ્યકત થતી હોવાથી તેમજ તેવી માહિતી અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું ન જણાતા અરજદારને પુરી પાડવા ઈન્કાર કરેલ છે.

જાહેર માહિતી અધિકારીએ આધાર લીધેલ સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે પ્રસિધ્ધ થયેલ ચુકાદો જોતા તેમાં નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચના માન.જસ્ટીસશ્રીઓ શ્રી કે. એસ. રાધાક્રિષ્નન તથા શ્રી દિપક મિશ્રાએ કર્મચારી/અધિકારીને આપેલ મેમો, શોકોઝ નોટીસ, ઠપકા/શિક્ષાના હુકમો તેમજ તે અંગેની થતી કાર્યવાહીની માહિતી પ્રાથમિક તબકકે કર્મચારી અને નોકરીદાતા સંસ્થા વચ્ચેની બાબત કે જે સામાન્ય રીતે સર્વિસ રૂલ્સ હેઠળ "અંગત માહિતી" તરીકે વ્યકત થતી હોવાનું ગણાવી તેમજ તેવી માહિતીને જાહેર કરવાની બાબત જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી ન હોવાનું ગણી તેવી માહિતી જાહેર કરવાથી કોઈ વ્યકિતના અંગત જીવનમાં અનધિકૃત દખલનું કારણ બની શકે છે તેવું તારણ આપેલ છે. વળી, અરજદારે વિસ્તૃત પ્રમાણમાં લાંબા સમયની માહિતીની માંગણી કરેલ છે. જે અરજદારની માંગણી જોતા તેવી માહિતી અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતું નથી. વળી, અરજદારે હાલની અપીલમાં ફકત જાણે તેઓની માંગણી અન્વયે કોઈ જવાબ/પૂર્તતા આપેલ ન હોવાનું અપીલમાં કારણ માંગ્યા મુજબની માહિતી પુરી પાડવા દાદ માંગેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ અન્વયે કોઈ ખંડન કે ખુલાસો દર્શાવતા કારણો રજૂ કરેલા નથી. સબબ, સદર નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ ધ્વારા પ્રસિધ્ધ ચુકાદાની વિગતો તેમજ અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા અરજદારને આપવામાં આવેલ જવાબ યોગ્ય જણાતો હોય, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## *–: હુકમ :–*

**ઉપર ચર્ચેલ વિગતે, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૨૭, તા.૨૯/૦૨/૧૬ થી અરજદારને કરવામાં આવેલ જવાબ/પૂર્તતા યોગ્ય જણાતી હોય, અરજદારને આ અપીલ કરવાનું કારણ પુરવાર થતુ નથી. જેથી અરજદારની આ પ્રથમ અપીલ નામંજુર કરવામાં આવે છે.**

**અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ કની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ ની મુદતમાં રાજય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.**

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૪૧
તા.૧૩/૦૪/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ તથા અમલ માટે.